# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| જ્ઞાનના પ્રકાર | પૂ. યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| સ્નેહયજ્ઞના પ્રતિભાવોની સ્નેહ સરવાણી | શ્રી મગનભાઇ પટેલ | ૧૨ |
| પ્રાર્થના ને ઋણ સ્વીકાર | હસમુખભાઇ ધીરજભાઇ ભક્ત | ૧૬ |
| જોયું તે લખ્યું... કલમની આંખે | રાજુ યાત્રી | ૧૯ |
| પ્રથમ દિવસે જાણ્યું ને માણ્યું | ડો. બી. જે. જાગાણી | ૨૫ |
| સત્યપથથી સરોડાની પદયાત્રા | રાજુ જાની | ૩૮ |
| સ્વર્ગારોહણમાં વસ્ત્રવિતરણ | રાજુ જાની | ૪૨ |
| મા સર્વેશ્વરી સંનિધિપર્વ—સ્નેહયજ્ઞ | લક્ષ્મેશ જોષી | ૪૬ |
| મહારાણી મૃદુલક્ષણા અને તપસ્વી | મનસુખ સલ્લા | ૫૧ |
| પ્રશ્નોપનિષદ્—(૬) | યોગેશ્વરજી | ૫૫ |
| માગવું અને ત્યાગવું | ભૂપતરાય ઠાકર | ૫૮ |
| હયાત માતા—પિતાની છત્રછાયામાં | ભાસ્કરભાઇ ઉપાધ્યાય | ૬૦ |
| જિંદગી ભક્તિવિના શા કામની? | ધર્મેન્દ્ર માસ્તર | ૬૧ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૨ |

## ❁ અભિનંદનીય સહાય ❁

**વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્ય-ને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહ-યોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.**

**ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વ-પ્રકારે મંગલ પામો.**

**—મા સર્વેશ્વરી**



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૫ માર્ચ—૨૦૦૪ અંક ૬

# જ્ઞાનના પ્રકાર

**શ્રી યોગેશ્વરજી**

જ્ઞાન બે પ્રકારનું કહેવાય છે. બૌદ્ધિક જ્ઞાન અથવા શ્રવણ, વાંચન, મનનના પરિણામે પ્રાદુર્ભાવ પામેલું જ્ઞાન અને સ્વાનુ-ભૂતિના પરિણામે સાંપડેલું જ્ઞાન. એક પરોક્ષ જ્ઞાન અને બીજું અપરોક્ષ જ્ઞાન. એક શાસ્ત્રોનું, ગ્રંથોનું અને બીજું પોતાનું આચારમાં અનુવાદિત થયેલું જ્ઞાન. બંને પ્રકારનાં જ્ઞાન પરસ્પર પૂરક છે. સમાજમાં એ બંને પ્રકારના જ્ઞાનવાળા માનવો દેખાય છે. એક પ્રકારના માનવો સિદ્ધાંતો, આદર્શો, વ્રતો તથા નિયમોની કદી ખૂટે નહિ તેવી મોટી મોટી વાતો કર્યા કરે છે, અન્યને એમની ભલામણ કરે છે અને ઉપદેશ આપે છે, પરંતુ પોતાના જીવનમાં એમનો અનુવાદ કરી શકતા નથી. કેટલીક વાર તો એમના અનુવાદનો આગ્રહ પણ નથી સેવતા. એમને જે જ્ઞાન મળે છે તે એમનું પોતાનું નથી બનતું.

બીજા પ્રકારના માનવો બોલે છે ઓછું પરંતુ કરવાનો

આગ્રહ અધિક રાખે છે. એ સિદ્ધાંતો, આદર્શો, આદેશો, તથા જીવનોપયોગી સ્વર્ણસંદેશાને વ્યક્તિગત જીવનમાં ઉતારવાનો અથવા આત્મસાત કરવાનો આગ્રહ રાખે છે. એવા માનવોનું મનોબળ અથવા આત્મબળ વધારે દેખાય છે. એમનાં જીવન બીજાને માટે ઉદ્‌બોધક અને પ્રબોધક બને છે. પ્રેરક ઠરે છે.

જીવનની સાચી શાંતિ અને સંવાદિતા આદર્શો ને સિદ્ધાતોનું પોપટપારાયણ કરનારાને નથી મળતી પરંતુ એમને અનુસરીને જીવનારાને મળી શકે છે. એમના જીવનમાં સ્થિરતા આવે છે. એમની અંદર અસાધારણ અખૂટ આત્મબળનો આવિર્ભાવ થાય છે. એમની વાતો વિશ્વસનીય તેમ જ વાસ્તવિક લાગે છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ''જ્ઞાન વિજ્ઞાન સહિત'' શબ્દ-પ્રયોગ કરીને સૂચવવામાં આવ્યું છે કે બૌદ્ધિક જ્ઞાનનો અનુ-ભવાત્મક અપરોક્ષ જ્ઞાન સાથે સમન્વય થાય છે ત્યારે જ્ઞાન સર્વાંગસુંદર, સંપૂર્ણ બને છે અને સર્વ પ્રકારના અશુભ ભાવો, વિચારો, વ્યવહારોમાંથી વિમુક્તિ આપે છે. જીવનને નિર્મળ, નિર્ભય, નિર્લેપ, નિરહંકાર બનાવે છે. અને અવનવો આકાર ધરે છે.

સમાજમાં બૌદ્ધિક પ્રતિભાસંપન્ન પુરુષો વધે એ આવકાર-દાયક છે તોપણ, અનુભવસિદ્ધ ઉદાત્ત જીવનવાળા સત્પુરુષો વધે એ સમાજની સુખાકારી, શાંતિ, સ્વસ્થતા, સમુન્નતિ અને સુદૃઢતાને માટે ખૂબ જ આવશ્યક છે. આપણે એવા જ્ઞાની જ નહિ, વિજ્ઞાની બનવાનો સંકલ્પ કરીએ.

○



# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૨૩—૧૦—૮૧ શુક્રવાર, આસો વદ અગિયારશ, ૨૦૩૭, સ્થળ : ટોરન્ટો શહેર—કેનેડા.**

ગઈ સાંજથી હિમવર્ષા શરૂ થઈ છે. પરિણામે રસ્તા, મકાન, વૃક્ષો બધું જ સફેદ દૂધ જેવું દેખાય છે. ઠંડી વધી છે. હિમવર્ષાનું દૃશ્ય જોવા જેવું હોય છે. રૂના ગોટા જાણે વાદળમાંથી વરસતા હોય એવું લાગે છે.

સવારે પૂ. શ્રી છ વાગ્યે ઓરડાની બહાર જાય છે. સવારે જ્યારે પણ બહાર જાય ત્યારે સર્વેશ્વરીને કહે છે. છ વાગ્યા છે હું સ્નાન કરીને આવું છું. રાત્રે પણ ક્યારે કેટલા વાગ્યા તેની માહિતી સર્વેશ્વરીને આપ્યા જ કરે છે.

નિયમિત ૧૫ મિનિટ શીર્ષાસન, ૮૧ બેઠક ૪૦ દંડ ને બીજો વ્યાયામ તો જુદો. લેખન પણ નિયમિત. સાડા અગિયારે સર્વેશ્વરી મંત્રજપમાંથી નિવૃત્ત થાય છે. બટાકાનું શાક દૂધ વિગેરે પૂ. શ્રી લે છે. ભોજનબાદ પૂ. શ્રી પોતાની બંડી ધોઈ નાંખે છે. બહાર વાડામાં તડકો છે ત્યાં સૂકવવામાં સર્વેશ્વરી મદદ કરે છે. પૂ. શ્રી કહે, ''જુઓ, આપણા ભારતદેશની આ હોઝિઅરી કેટલી સરસ છે. એ જેમ જેમ ધોવાય છે તેમ તેમ ગરમ બનતી હોય એવી લાગે છે. લોકોએ ભારતદેશના માલને નકામો વગોવ્યો છે.'' વાતો બાદ પૂ. શ્રી આરામ કરે છે.

ચાર વાગે પૂ. શ્રી દૂધ લે છે. અહીં ચોખ્ખું દૂધ મળે છે. પૂ. શ્રીને ઠંડુ જ દૂધ ભાવે છે અને પ્રમાણમાં સારી રીતે તે લેવાય

છે. પૂ. શ્રી કહે, "સુખિયા હોય તે દૂધ પી શકે. ઘણાંને દૂધ વાયડા પડે, ઘણાંને દૂધ ગેસ કરે, ઘણાંને દૂધ ભાવે જ નહીં. અમને તે સાત્ત્વિક વાત—ઋષિમુનિઓની વાત ગમે." દૂધ પીધા પછી પૂ. શ્રી ફરી લેખનકાર્ય કરવા બેઠા છે.

સમય થતાં દરરોજની જેમ શ્રી વિમળાબેન કામ ઉપરથી આવે છે. ઉપર પૂ. શ્રીના દર્શને હરિઃૐ કરીને અંદર આવે છે. થોડી વાતો કરે છે. દરરોજ સાંજે કામ ઉપરથી વિમળાબેન આવે એટલે પ્રથમકામ પૂ. શ્રીના દર્શન કરવાનું કરે છે.

સાંજે પ્રવચન માટે ૪૦ કિલોમીટર જવાનું બને છે. ત્યાં પ્રવચનમાં પૂ. શ્રીએ થોડી વાતો કરી પછી પ્રશ્નો હોય તો પૂછો એમ કહ્યું :

જેથી શ્રી અશોકભાઇ પાઠકે પ્રશ્ન કર્યોઃ—આપ ૧૯૭૮ માં ટોરન્ટો આવ્યા ત્યારે નૂતનવરસે મને યોગમુદ્રા શીખવી હતી તે હું નિયમિત કરું છું. નીચે ૧૦ મિનિટ સુધી બહાર કુંભક કરી શકું છું. મારી કમરનો દુઃખાવો એનાથી મટી ગયો છે. ધ્યાનમાં શાંતિ મળે છે. પણ મગજ કુંભક પછી ભારે રહે છે.

પૂ. શ્રીઃ—તમે ૧૦ મિનિટ સુધી કુંભક કરી શકો તે પ્રભુની કૃપા કહેવાય. પણ તે હવે થોડું ઓછું કરો, જેથી મગજ હલકુ રહેશે.

અન્ય શ્રોતાઓની માંગણીથી પૂ. શ્રીની આજ્ઞા લઇ અશોકભાઇ યોગમુદ્રા બતાવે છે. લાભ પણ સમજાવે છે. પૂ. શ્રી સર્વેશ્વરીને યોગમુદ્રા કરી બતાવવાનું કહે છે. જેથી સર્વેશ્વરી પગના અંગૂઠાને પાછળ હાથથી પકડીને યોગમુદ્રા કરી બતાવે છે.

ત્યારબાદ પ્રશ્નો પૂછાયા પણ તે સામાન્ય હતા. પ્રશ્નો જ નોંધવા યોગ્ય છે એમ માની પ્રશ્નો જ નોંધ્યા.



શ્રી અશોકભાઇ : અહીં આપણા ભાઇબેનો ચોઘડિયાં જોવડાવે પણ ભારતના સમય પ્રમાણે જોવાનાં હોય, જેથી તે તો રાત્રે જ ચોઘડીયા આવે તો શું કરવું?

શ્રી અજીતભાઇઃ—ઊંચી કક્ષાએ જવા માટે ૐકાર જપી શકાય?

પ્રશ્ન : વાલીને રામે બાણ માર્યું, તે ધર્મની રીતે યોગ્ય હતું?

પ્રશ્ન : ઈશ્વર સાક્ષાત્કારને માર્ગે આગળ વધીએ તો સિદ્ધિ આવે કે નહીં?

પ્રશ્ન : મૃત્યુ પછી સૂક્ષ્મશરીરમાં જે જીવ રહે તે જીવ ઊંચી ભૂમિકાવાળો હોય તો તે પોતાનો ઉદ્ધાર કરી શકે?

પ્રશ્ન : સાક્ષાત્કાર પછી સંતોને પ્રારબ્ધકર્મ રહેતાં નથી તો અસાધ્ય રોગોથી તે સંતો કેમ પીડાય છે?

પ્રશ્ન : કંસના દરબારમાં નારદજી આવ્યા તો નારદજીનો પ્રભુના મહાન ભક્ત તરીકે લોકોએ લાભ કેમ ન લીધો હશે?

પ્રશ્ન : પરદેશમાં રહીને લોકો માંસ ખાય છતાં સુખી છે, પણ ભારતદેશ શાકાહારી છતાં કેમ ત્યાં એટલું બધું દુઃખ છે?

આજે પ્રશ્નોના ઉત્તરો પણ પૂ. શ્રીએ ગાતા ગાતા, હસતા હસતા, અભિનય કરતાં કરતાં આપ્યા.

આજે પ્રવચનમાં શ્રી હર્ષદભાઇએ પૂ. શ્રીને બીજા અધ્યાત્મ પ્રશ્નો પણ પૂછ્યા.

પ્રવચન બાદ ફરી ૪૦ કિલોમીટરનો માર્ગ ૦॥। કલાકમાં પસાર કરી ઉતારા ઉપર આવી ગયા.

આજે પૂ. શ્રી માટે બટાટાનો ચેવડો તૈયાર થયો પણ પૂ. શ્રીએ તે ખાસ ન લીધો. ફક્ત દૂધ જ લીધું ને આરામ કર્યો.

**તા. ૨૪–૧૦–૮૧ શનિવાર, આસો વદ બારસ, ૨૦૩૭,**
**સ્થળ : ટોરન્ટો શહેર–કેનેડા.**

આજે પૂ. શ્રી ફક્ત શીર્ષાસન જ કરે છે. લેખનમાં લેસ્ટરનો પ્રસંગ લખે છે. લેખનબાદ મંત્રજપ કરી થોડો આરામ કરીને સાડાબાર વાગે પૂ. શ્રી નીચે આવે છે.

ખીચડી, શાક, શીરોનું ભોજન પૂ. શ્રી લે છે. આજે પૂ. શ્રીની સાથે સુરેશભાઇ પણ ભોજન લે છે. ભોજન બાદ પૂ. શ્રી થોડીવાર નીચે સૂર્યના તડકે બેઠા છે. મુંબઇના શ્રી કાંતિભાઇ શાહની શ્રદ્ધાને સેવાભાવનાની વાતો થાય છે. ૨–૩૦ વાગે આરામ કરે છે. આજે ૩–૪૫ મિનિટે પ્રવચન માટે નીકળવાનું છે. હિન્દુ પ્રાર્થના સમાજમાં આજનું પ્રવચન છે.

એનું સ્થળ ૬૨ ફર્ન એવન્યુ ડાઉનટાઉનમાં આવેલું છે. સમયસર પહોંચી જવાનું બને છે. શ્રોતાઓની સંખ્યા સારી છે. અહીં મંદિરમાં શ્રીકૃષ્ણની મૂર્તિ છે. મંદિર સાથે જ એક મોટો મંચ છે જ્યાં પૂ. શ્રીની બેઠક હતી. બેઠક પાસે નીચે ખુરશી સર્વેશ્વરી માટે હતી. નીચે શ્રોતાઓ બેઠા હતા. ગીતા ઉપર પ્રવચન શરૂ થયું, જેમાં પૂ. શ્રીએ પ્રાર્થના ઉપર ભાર મૂકી પ્રાર્થનાનો પોતાનો અનુભવ કહી સંભળાવ્યો.

પ્રવચન બાદ ફરીથી શહેરના મુખ્ય માર્ગ ઉપર આવીને ઉતારા ઉપર આવી ગયા.

આજે પ્રવચનમાં સુરેશભાઇ પરીખ આવી શક્યા ન હતા, જેથી પૂ. શ્રીના દર્શનવંદન માટે ઉતારા ઉપર હાજર જ હતા.

પૂ. શ્રી તેમની સાથે લગભગ કલાક સત્સંગની વાતો કરે છે. તે ભાઇ સાથે ચીમનભાઇ પણ બેઠા છે. આજે પ્રવચન બાદ સાડા સાત વાગે તો ઉતારા પર આવી જવાનું બન્યું, જેથી



પૂ. શ્રીને શાંતિથી વાતો કરવાની તક મળી છે. એ રીતે સત્સંગનો આનંદ બંનેને મળે છે.

વાતો પૂરી થવા આવી. સર્વેશ્વરી શ્રી ચીમનભાઇને પૂછે છે, "તમે હરિદ્વાર જઇ આવ્યા?" ગાયત્રીના પ્રેમી છો ને માટે પૂછું છું.

શ્રી ચીમનભાઇ : ના, નથી ગયો, હવે જઇશ.

ત્યાં વચ્ચે જ સુરેશભાઇ પરીખ બોલી ઊઠ્યા : મા આ જ હરિદ્વાર નથી? (પૂ. શ્રીના શ્રી ચરણો બતાવે છે.)

સર્વેશ્વરી : હા. એ વાત તો સાચી. પૂ. શ્રી હરિદ્વારની વાત સાંભળી મેરુભા ગઢવીને યાદ કરે છે. તેઓ પૂ. શ્રીને જ્યારે મળવા આવ્યા ત્યારે દાદર ચઢતાં ચઢતાં દોહા ગાય. જે ચરણો હિમગિરિમાં ફર્યાં, તે ચરણોને વંદન કરું. અમે તો હિમાલય જોયો પણ નથી. આ જ અમારે તો હિમાલય. એ મેરુભા ગઢવી મુંબઇ છાત્રાલયમાં પણ આવતા. વગેરે વાતો થઇ.

આવનાર ભાઇઓ વિદાય થયા. પૂ. શ્રીએ હળવો નાસ્તો લઇને દૂધ પીધું. દૂધ પીને આરામ કર્યો.

આ દેશમાં શિયાળામાં હિમવર્ષા થાય. મુખ્યમાર્ગ ઉપરની વીજળીની બત્તીઓ વાતાવરણ પ્રમાણે ચાલુ થાય ને બંધ થાય. એટલે કે શિયાળામાં બપોરે ૨ વાગ્યે જ ઓચિંતું અંધારું થઇ જાય તો બત્તીઓ એની મેળે જ ચાલુ થઇ જાય.

આ દેશમાં આપણા ભારતીય ભાઇબેનો ખાસ કરીને નોકરીયાત જીવન જીવે. શનિ રવિ સામાન્ય રીતે રજા જ હોય છતાં શનિવારે કોઇ કામ કરવા ઇચ્છે તેને દોઢગણો પગાર આપવામાં આવે. કામ ઉપર જનાર સ્ત્રીઓએ ફરજિયાત ડ્રેસ જ પહેરવો પડે. સાડી ન ચાલે. બસની ટિકિટ સામટી પણ મળે.

તે ખરીદી શકાય. કોઇ પણ એક દિશામાં મુસાફરી કરનાર મુસાફરે ૬૦ સેન્ટની ટિકિટ બસની લેવાની રહે. વળી એ જ ટિકિટ એ જ દિશામાં જતી ભૂગર્ભ રેલ્વે જેને અહીં સબ–વે. કહેવામાં આવે તેમાં પણ તે જ ટિકિટ ચાલે.

અહીં ભારતીય ભાઇબેનો પણ માંસાહાર કે નશો ચઢાવનાર કેફીપીણાં લેવામાં નાનમ અનુભવતા નથી, મોટેભાગે બધા જ એનો શિકાર બનેલા હોય છે. કોઇ એકાદ બે ઘર મુક્ત રહી શકે. ઘરનાં સ્ત્રીબાળકો પણ તે ખાવામાં ગૌરવ અનુભવે. બાળક ત્રણ માસનું થાય ત્યારથી જ ડોક્ટરો તેને તૈયાર બેબીફૂડ જ ખવડાવવાની ભલામણ કરે પરિણામે તૈયાર બેબીફૂડની તે શીશીમાં વિવિધ પ્રકારનું માંસાહાર જ હોય. ત્રણ માસના બાળકને ત્યાંથી જ ખવડાવવાની શરૂઆત થાય. ગળથૂથીમાં જ માંસનું પાન. કેવું રાક્ષસી વાતાવરણ? કેવો રાક્ષસી આહાર! કેવો રાક્ષસી વિચાર. પ્રભુ આવા પ્રદેશમાં વારંવાર આવવાનું ના બને તો સારું. હરિઃૐ

(ક્રમશઃ)

○

### સંગ નહિ કરવા યોગ્ય માણસ

જેનો સ્વભાવ જાણવામાં ન હોય, તથા જેનું કુળ કે રહેવાનું સ્થાન પણ જાણવામાં ન હોય તેનો સંગ કરવો નહિ.



# સ્નેહયજ્ઞના પ્રતિભાવોની સ્નેહ સરવાણી

શ્રીમગનભાઇ પટેલ
શ્રીમતી નિલમબેન પરીખ

(કર્પૂરવનમાં ૨૩–૨૮ ડીસેમ્બર–૨૦૦૩ દરમિયાન મા સર્વેશ્વરી સંનિધિપર્વ–સ્નેહયજ્ઞમાં સહભાગી થયેલા સાધકો ને ભક્તોએ પ્રતિભાવો રજૂ કરીને ધન્યતાના અને ઋણસ્વીકારના ભાવો વહાવ્યા છે તે અહીં રજૂ કર્યા છે. **–તંત્રી**)

મોરબીથી **શ્રી મગનલાલ ખીમજીભાઇ પટેલ** તથા તેમના પરિવારજનોએ પૂ. માના શ્રી ચરણોમાં ભાવાંજલિ આ મુજબ ધરી છે.

સમગ્ર જીવસૃષ્ટિની જગત જનની મા શ્રી શ્રી મા સર્વેશ્વરી તથા શ્રી યોગેશ્વર પ્રભુના પવિત્ર ચરણોમાં મોરબીના બાળકોના આપના શ્રી ચરણોમાં પ્રણામ.

આપ તથા પ્રભુદ્વારા જે સ્નેહયજ્ઞનું આયોજન થયેલ તેની યાત્રામાં છ દિવસ ક્યારે પૂરા થયા તેનો ખ્યાલ પણ ના રહ્યો. મા! મારા જીવનના ૫૪ વર્ષમાં મેં આવો ચિન્મય અને જીવંત યજ્ઞ પ્રથમ વખત જ માણ્યો. સ્વર્ગનાં સુખને ભૂલાવે તેવા યજ્ઞસમું જ્ઞાનસત્ર માણ્યું. હે મા! આપની કૃપા સિવાય આવા જ્ઞાનસત્રમાં આવવા પણ ના મળે. આપની કૃપાથી જ અમે બંને (પતિપત્ની) સ્નેહયજ્ઞમાં આવી શક્યા.

આતિથ્યભાવ કેવો હોય અને મહેમાનગતી કેવી હોય તે કર્પુરવનમાં જ જાણી શકાયું. આપની પ્રાગટ્યભૂમિમાં અમોને અદ્ભુત રીતે સાચવવામાં આવ્યા. દરેક જ્ઞાનસત્રના વક્તાઓ,

બાળકલાકારો અને આપના દ્વારા અમોને ભરપૂર આનંદ અપાવ્યો છે. શું ખાવું, શું પીવું કેમ ભક્તિ કરવી, પરમ શક્તિની ઓળખ, બધું જ સહજ ભાવથી આપના દ્વારા મળ્યું.

મા! અમારી આપશ્રીને અને પ્રભુને પ્રાર્થના છે કે અમને આપનાં પાવન ચરણોમાં હંમેશા સ્થાન આપજો. આપનાં બાળકો તરીકે અમારામાં જે અજ્ઞાનતા ખામીઓ, ક્લેશ છે તેને આપ દૂર કરો. અમારા જીવનમાં આપની તથા પ્રભુની સંનિધિ હંમેશા આપતાં રહો તેવી પ્રાર્થના છે.

આ કળીકાળમાં આપના જેવી પરમશક્તિ અને જગત-જનની મા જ રક્ષણ કરી શકે. અમે તમારાં ચરણે આવ્યા છીએ. અમારી હંમેશા રક્ષા કરતાં રહેજો. અમારાં મનને ભટકતું અટકાવી આપ આપના શ્રી ચરણોમાં સ્થાન આપજો એ જ પ્રાર્થના સહ.

**લિ. આપના કાલાઘેલા બાળકો**
**મગનલાલ ખીમજી પટેલ**
**જયશ્રી મગનલાલ, વિમલ, કૃણાલ,**
**સેજલ, રાજના કોટિ કોટિ પ્રણામ.**

નવસારીથી **શ્રીમતી નિલમબેન યોગેન્દ્રભાઈ પરીખે** સ્નેહ-યજ્ઞમાં જે જોયું, માણ્યું, અનુભવ્યું તે પ્રતિભાવરૂપે આ મુજબ રજૂ કર્યું છે.

મુ. શ્રી રમેશભાઈ–શ્રીમતી શારદાબહેન,

સાદર નમસ્તે,

ભાઈ જગદીપ અને નયના અમેરિકા પહોંચી ગયાં હશે. પોતાના કામે પાછાં વળગી ગયાં હશે. અને થાક ઉતારી રહ્યાં હશે. 'મા સર્વેશ્વરી સંનિધિ પર્વ'માં તમે સૌએ ખૂબ મહેનત



કરી અને સરસ રીતે બધું પાર પડ્યું. એમાં પૂ. માની અને ઈશ્વરની કૃપા સતત વરસતી રહી છે એવો અનુભવ થતો હતો.

ભાઈ જગદીપે એ નિમિત્તે બહાર પડેલ પુસ્તિકાઓ 'સ્નેહતીર્થ મા સર્વેશ્વરી' અને 'પોયણું પાંગર્યું' મને પણ આપી ઉપકૃત કરી. મેં બધું ધ્યાનથી વાંચ્યું. એમણે નિખાલસતાથી પૂ. કાળીદાસકાકા, બા તથા અન્ય વડીલોનું ઋણ ભાવથી માથે ચડાવ્યું અને હવે પોતાની અનોખી, આગવી રીતે એને વ્યક્ત કરી રહ્યા છે. પૂ. યોગેશ્વરજીએ એમને આપેલ નામ 'મા સર્વેશ્વરી'ને પૂરા આદર અને શ્રદ્ધાથી સાર્થક કરી રહ્યા છે. આ એક વિરલ અને અદ્‌ભુત ઘટના છે. **વિશ્વની તમામ માને સમજવા માટેનો માર્ગ ખુલ્લો મૂક્યો છે.**

શ્રી જગદીપભાઈએ જે કાંઈ આપ્યું તે માટે એમનો આભાર. એ બધું જોતાં અને બહુ જ ટૂંકી મુલાકાત અમે સંનિધિપર્વની લીધી પણ છતાંય મન પર જે છાપ પડી તે જણાવ્યા વિના રહી શકાતું નથી. શ્રી જગદીપભાઈએ આપેલી પ્રસાદી વાગોળ્યા કરું છું.

અધ્યાત્મ માટે એક પદ પણ મોકલું છું.

**'મા'**

'મા' એ પૂર્ણ ગ્રંથ છે.
ગ્રંથોનો ગ્રંથ છે.
યુનિવર્સિટી છે.

'મા' મંત્ર બીજ છે.
પ્રત્યેક સર્જનનો આધાર 'મા' છે.
મંત્ર, તંત્ર, યંત્રની સફળતાનો
મૂલાધાર પણ 'મા' જ છે.

મા એટલે ૐ
મા એટલે ભગવતી, શક્તિ કુંડલિની
મા એટલે મહેશ્વરી
મા એટલે મહાકાળી
મા એટલે મહાસરસ્વતી
મા એટલે મહાલક્ષ્મી
મા એટલે પાર્વતી
મા એટલે સીતા
મા એટલે રાધા
મા એટલે અસમોર્ધ્વ પરમાત્મા
જેને કોઈ ઉપમા આપી ન શકાય
એનું નામ છે 'મા'
જેને કોઈ સીમા નથી
જેને ક્યારેય પાનખર નથી નડી.
તેનું નામ છે 'મા'
આવી 'મા' વિના
મહાત્મા અને પરમાત્મા પણ
અધૂરા છે.

એથી જ સમજી લઈએ કે પ્રભુને પામવાનું પહેલું ચરણ 'મા' છે. તળેટીને અવગણી શિખરે ન પહોંચાય. 'મા'ને અવ-ગણી માળા કર્યે પ્રભુ ન મળે. 'મા'ને સતાવ્યે કોઈ સેવા નહીં ફળે, 'મા'ના હૃદયને શાતા પહોંચાડ્યે સ્વર્ગ સીધું જડે.

○



### સ્નેહયજ્ઞની સફળતા માટે

# પ્રાર્થના ને ઋણ સ્વીકાર

હસમુખભાઈ ધીરજભાઈ ભક્ત, અમેરિકા

આજના પ્રસંગના મુખ્ય યજમાન વડીલ શ્રી રમેશચંદ્ર, પૂ. શારદાબહેન, ભાઈ જગદીપ, શ્રીમતી નયનાબહેન, ચિ. પાર્થ, ચિ. પૂજા,

**આદરણીય પૂજ્ય મા સર્વેશ્વરી**

શ્રી કાળીદાસદાદાના પરિવારજનો, આજના પ્રસંગે પધા-રેલા સૌ મહેમાનો, સર્વમંગલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, સમાજના અને ગામના સૌ વડીલો, બહેનો, યુવાન મિત્રો, શિબિરમાં ભાગ લઈ રહેલાં સૌ સાધક ભાઈબહેનો. સૌને "રામકબીર", ૐ મા પ્રભુ.

આપણા કપૂરા ગામની પવિત્ર, પાવન ભૂમિ ઉપરથી દિવ્ય આત્માઓનું પ્રાગટ્ય થતું રહ્યું છે જેનાથી સૌ પરિચિત છે. સૌ પ્રથમ વૈકુંઠવાસી રાધામોહનદાસજીનું, ત્યારબાદ શ્રી મકન-રામજીદાસનું અને સાંપ્રત સમયમાં પૂ. મા સર્વેશ્વરી, ૧૯૭૮ થી આધ્યાત્મિક અને લોકકલ્યાણ પ્રવૃત્તિની ધૂણી ધખાવી રહ્યાં છે તેને વંદુ છું. સાથે સાથે અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા સાથે સંત તરીકે પ્રવૃત્ત શ્રી ઉત્તમપ્રકાશસ્વામી અને શ્રી પ્રિયસેવાદાસસ્વામી કપૂરા અને ભક્તસમાજની ભેટ છે.

આપણા ભક્તસમાજમાં સદ્‌ગુરુ કબીર સાહેબના પદો જે ને "ભક્ત ભજન સંગ્રહ" અને "નાદ બ્રમ"માં ગઠન કરેલ છે તેને પવિત્ર ગ્રંથ ગણી મંદિરમાં સ્થાન આપેલ છે તેનાં ગઠનમાં

આપણાં કપૂરા ગામના સર્વ વડીલોએ સિંહફાળો અને નેતૃત્વ પ્રદાન કરેલ છે. સદ્ગુરુ કબીર સાહેબના સાહિત્યના પ્રખર અભ્યાસી સ્વ. ઈશ્વરકાકા (પરમાર્થી) એ રચેલા ''કબીરસુધા'', ''કબીર સાખી'' જેવા દસ પુસ્તકોનું પ્રકાશન પણ શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે, જે આપણા સૌ માટે ગૌરવ સમાન છે.

પૂ. મા સર્વેશ્વરીની જન્મભૂમિ કપૂરા છે. પૂ. મા છેલ્લા ૨૫ વર્ષથી આધ્યાત્મિક અને લોકકલ્યાણ શિબિરોનું આયોજન કરતાં આવ્યાં છે. ભારત ભૂમિમાં અને વિદેશોમાં સતત શિબિરો યોજાતી રહી છે. ચાલું વર્ષે શ્રી રમેશચંદ્ર અને ભાઈ જગદીપ તેમ જ પરિવારના પ્રેમ અને ભક્તિના પરિપાકરૂપે આ શિબિર કપૂરા ગામે યોજાય છે. જે આપણા સૌ માટે અહોભાગ્ય સમાન છે.

પૂ. મા સર્વેશ્વરી એટલે ''નિતાન્ત સમર્પણ, અનન્ય માનવ સેવા, અને અસીમ પ્રેમ કરુણા જ્યોત.'' ૧૯૭૮ થી સતત સાધના, પ્રાર્થના, જપ, તપ, વ્રત, પદોની રચના, આત્મ-કલ્યાણની સાથે સાથે લોકકલ્યાણ, અન્નદાન, વસ્ત્રદાન, મેડિકલ ચેકઅપ, દંતયજ્ઞ, નેત્રયજ્ઞ, બાળકો માટે સંસ્કાર પ્રદાન શિબિર, અભ્યાસ માટે જરૂરી સગવડો, અને રક્તદાન કેમ્પનું આયોજન તેમનાં દ્વારા થતું રહ્યું છે.

૧૯૮૪ થી અન્નનો ત્યાગ અને ૧૯૯૫ થી મૌન સાધના ને કડક આત્મશિસ્તદ્વારા સાધના અને છતા સતત પ્રવૃત્તિમાં રહી સૌને આધ્યાત્મિક બળ અને રાહ પ્રદાન કરતાં રહ્યાં છે. તેમની કાર્યશૈલી એ જ તેમના અડગ નિશ્ચયબળની પ્રતીતિ છે. સાથે સાથે આ બધાં લોકહિતાર્થ માટેનાં કેન્દ્રનું પ્રદાન એટલે અંબાજી



મૂકામે આવેલ ''સ્વર્ગારોહણ'' ''જ્યોતિર્મયી વિશ્રામગૃહ''નું નિર્માણ. અનેક તીર્થસ્થાનોનો પ્રવાસ, વિદેશયાત્રા, પદયાત્રા, તથા શિબિરોથી આધ્યાત્મિક અને લોક ઉપયોગી પ્રવૃત્તિ એટલે મા સર્વેશ્વરી.

આવા અનેરા તીર્થ સમાન સંતના સાન્નિધ્યમાં આપણા ગામે શિબિરનું આયોજન થયું છે, મારું દુર્ભાગ્ય છે કે એમાં આપ સૌની સાથે હું પ્રવૃત્ત થઈ શક્યો નહીં.

દૂર હોવા છતાં પૂ. માના ચરણોમાં પ્રાર્થના છે કે આપનો અનુગ્રહ અમો સૌના ઉપર કાયમ રહે. નિઃસ્વાર્થ ભક્તિ અને કાર્યબળ મળે.

આવો અનેરો પ્રસંગ ગામ માટે આયોજિત કરવા બદલ ગામ વતી મુખ્ય યજમાન પરિવારનો ઋણ સ્વીકાર કરી શિબિરની સફળતા ઈચ્છું છું.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

કર્પૂરવનમાં સ્નેહયજ્ઞમાં

# જોયું તે લખ્યું...કલમની આંખે

રાજુ યાત્રી, અમેરિકા

**અલખને અજવાળવા, ચૌદિશે ઘૂમિ રહ્યાં,**
**લાવવા વૈકુંઠ ધરા પર, ઘટ ઘટે વ્યાપી રહ્યાં.**
**'સ્વ' સ્વરૂપે સ્થિર રહીને વિશ્વરૂપે વિચર્યાં,**
**કાયા મહીં માનવ થઈ તે 'દેવ' થઈ દીપી રહ્યાં.**

'મા' સર્વેશ્વરી સંનિધિ પર્વ—જેવું નામ તે પ્રમાણે જ ઉજવાયેલું પર્વ. પરંતુ આ કેવળ પૂ. માની સ્થૂળ સંનિધિ જ ન હતી. તેનાથી પણ વિશેષ, અષ્ટ સિદ્ધિ અને નવ નિધિની પણ સંનિધિ, ચોસઠે કળાની સંનિધિ! જ્યાં પૂ. માએ પોતાનું ઐશ્વર્ય છૂટ્ટે હાથે વેર્યું હતું. શબ્દો સીમિત થઈ જાય એવું પર્વ હતું. માણવાનું પર્વ હતું.

કર્પૂરવનના પાદરે એક અણધારેલી સૃષ્ટિનું નિર્માણ કરી પૂ. માએ પોતાની અલૌકિક શક્તિનો પરિચય આપ્યો. અનેક પરિવારજનો અને ભક્તોદ્વારા એ છ દિવસની પર્વસૃષ્ટિનું સર્જન—સંકલન—સંચાલનદ્વારા પૂ. માએ દૈવીશક્તિના હજાર હાથનું પ્રમાણ ધરી દીધું! આવાં આ પર્વનને કોઈ પણ વિશેષણથી યથાર્થ રીતે શણગારી શકાય તેમ નથી. ભક્તો, જ્ઞાની, યોગી, તપસ્વી, વિદ્યાર્થી, શિક્ષક, કલાકાર, નાટ્યકાર, કથાકાર, સૌ કોઈ એક જ વડલાની છાયા નીચે ભેગા થયા અને દરેકે પોતાની શક્તિ, ભક્તિ અને યુક્તિથી પૂ. મા—પ્રભુને સર્વોત્તમ પ્રેમાંજલિ અર્પી.



આ પર્વનું એક આગવું પાસું એ હતું કે પૂ. માએ જાહેર કર્યા પ્રમાણે પોતાની સંનિધિનો લાભ તો આપ્યો જ પરંતુ પોતાના બાળકોને રંગમંચ ધરી દીધું! અને પોતે પર્વના પ્રેક્ષક થઈ પોતાની જ રચેલી સૃષ્ટિના દૃષ્ટા બની ગયાં! માત્ર દૃષ્ટા જ બની રહ્યાં નહીં, પણ રંગમંચ ઉપર આવેલા અને નહીં આવેલા સૌને નવાજ્યા, થાબડ્યા અને પોતાની સંકલ્પશક્તિથી વધુ સારી રીતે આ જગતના રંગમંચ ઉપર શ્રેષ્ઠતમ પાઠ ભજવવાની શક્તિ અને બળ પણ પૂર્યાં!

અલૌકિક અને દિવ્ય શબ્દો ખૂબ ભારે લાગે પણ જો ખુલ્લી આંખ રાખીને જોઈએ તો આ સમગ્ર પર્વ ખરેખર અલૌકિક હતું. પ્રામાણિકપણે જો તેનું વર્ણન અને વિશ્લેષણ કરીએ તો તેના માટે એક જ શબ્દ નીકળે—અદ્‌ભુત!

શ્રીજગદીપભાઈની ઉત્તમ વ્યવસ્થાશક્તિ આ પર્વનું સર્વોત્તમ પાસુ ઠર્યું. મહિનાઓની જહેમતનું અણમોલ પરિણામ! આ પર્વમાં ભાગ લેનાર જેવા કર્પૂરવનના પાદરે આવે અને કાર્યક્રમના સ્થળે પગ મૂકે ત્યારથી જ 'અહોહો...' એવો ઉદ્‌ગાર થઈ જાય તેવું સુંદર કલાત્મક પ્રવેશદ્વાર. તો વળી નામની નોંધણી, ઉતારાની વ્યવસ્થા, મંડપ, ધ્વનિ આયોજન (સાઉન્ડ સીસ્ટમ), રંગમંચ, પ્રવેશદ્વાર, રસોડું, ભોજન, પીવાનું પાણી, બેઠક વ્યવસ્થા, અરે! કુદરતી હાજત માટે પણ ચોખ્ખાઈપૂર્ણ વ્યવસ્થા. ઠંડીની ઋતુમાં પણ, જો ગરમી પડે તો તે માટે પંખા. આ ઉપરાંત કર્પૂરવનના સાથી—સહાયકોદ્વારા કાર્યક્રમ સ્થળે લાવવા—લઈ જવાની વાહનનોની વ્યવસ્થા પણ ખરી! આ સઘળું કોઈ પણ કાર્યક્રમને સફળ પૂરવાર કરવા માટે ઘણું કહી શકાય તેવું હતું. આ બધી જ જરૂરીયાતો એવી કુશળ

રીતે ગોઠવાઇ હતી કે ક્યાંયે કોઇ વિક્ષેપ જોવા ન મળે.

એક ઉલ્લેખ જરૂર કરવો રહ્યો કે, ધાર્યા કરતાં ઘણાં ભક્તો–યાત્રીઓએ આ પર્વમાં ભાગ લીધો!

કાર્યક્રમોની વાત કરીએ તો તે પણ અદ્ભુત! પૂ. માએ જાણે નક્કી જ કર્યું હોય કે, આ સૃષ્ટિનાં સઘળાં સારાં પાસાઓને વીણી વીણી મારા બાળકોના ખોળામાં ભરી દઇ પ્રસન્ન કરી દઉં. જેમ એક સાંસારિક 'મા' પોતાનાં બાળકને પ્રસન્ન કરવા એની સાથે જાતજાતની રમત રમે છે, તેના કરતાં પણ સવાઇ રીતે પૂ. માએ પોતાના બાળકોને સાત્ત્વિક આનંદ આપી પ્રસન્ન કરી દીધાં!

મારા માટે સૌથી મહત્ત્વનો કાર્યક્રમ પૂ. માની '૬૦ કલાકની સૂક્ષ્મ સંનિધિ' હતો. દરેક કાર્યક્રમમાં પોતાની સતત હાજરી આપી પૂ. માએ દરેકને દર્શન સુખ ધરી સૌને ન્યાલ કરી દીધાં.

કર્પૂરવનની શાળાના બાળકોના અવિસ્મરણીય સાંસ્કૃતિક કાર્યક્રમો ભારતની સાચી સોડમ સમા હતા. ભારતના ગામડાઓ હજુ પણ કેવા કેવા કલાકારો, ભક્તો, કર્મઠો અને રત્નો પેદા કરી શકે છે તેનો અહેસાસ કર્પૂરવનના આ પર્વે કરાવ્યો!

સર્વ શ્રી આસિતભાઇ, હેમાબેન અને આલાપભાઇનો કાર્યક્રમ શિરમોર રહ્યો. પોતાનાં કંઠ્યલાલિત્ય સાથે પૂ. મા તરફના એમના પ્રેમભાવ અને આદરે સૌને મંત્રમુગ્ધ કર્યા.

અંગત કારણોસર હું 'શ્રી' કલાકેન્દ્ર અને શ્રી માણભટ્ટજીના કાર્યક્રમોને માણી શક્યો નહીં પણ જે સાંભળ્યું એ પરથી લાગ્યું કે પૂ. માએ પોતાના પ્રેમ આકાશમાં એવા ઝગમગતા તારલા-



ઓ લટકાવી દીધા કે કર્પૂરવનના યાત્રીને ક્યાંયે ઓછું ના લાગે!

'આરોગ્ય' એ પૂ. માને ગમતો વિષય છે. જેથી શ્રી નાથુ-ભાઇ અને ડો. હિમાંશુભાઇ જેવા જાણકાર અને અનુભવી તારલાઓ દ્વારા સૌને આરોગ્ય કેમ જાળવવું તેની વિશેષ અને રોચક માહિતી પણ પીરસી. આ પર્વે સાહિત્ય પણ કેમ રહી જાય? પૂ. માની પ્રેમભરેલી જાદુઇ થેલીમાં સાહિત્ય પણ હતું. 'સર્વમંગલ' અને 'પોયણું પાંગર્યું' એ બે પુસ્તકોનું વિમોચન પણ થયું. તો વળી 'જ્ઞાની'ઓ શું કામ ભૂખ્યા રહી જાય? શ્રી લક્ષ્મેશભાઇ જોષીએ વેદ–વેદાંત, પુરાણોના દાખલાઓ, ગોપીગીત ને ઉપનિષદ્ પર પોતાની અસ્ખલિત વાણી સંસ્કૃત અને ગુજરાતી ભાષા દ્વારા વહાવી. સૌની જ્ઞાનની તરસ પણ છીપાવી! તરલાબેને પણ પોતાની પ્રબુદ્ધ આધ્યાત્મિક વાણીથી સાહિત્યના શબ્દોદ્વારા પૂ. માનાં વિશેષ રૂપનું વર્ણન કર્યું.

શ્રી નારાયણકાકા, શ્રી કલ્યાણ, શ્રી સુરેશભાઇ (કેનેડા), શ્રી વિનોદભાઇ પટેલ (અમેરિકા) વિગેરેએ પૂ. મા–પ્રભુ સાથે ગાળેલા દિવસોને યાદ કરી પૂ. મા:પ્રભુના વિશેષ પાસાઓનો પરિચય કરાવ્યો.

ભારત અને વિદેશના નાનાં નાનાં બાળકોનાં ભજન–ધૂન–કીર્તન કાર્યક્રમો ગર્વ અપાવે તેવા હતા. દિશા, સુકૃતિ, ઉમા, રાધિકા, મોક્ષા, તીર્થા વિગેરે નાના નાના બાળફૂલોએ પોતાનાં બાળસહજ ભાવોદ્વારા પૂ. મા–પ્રભુનું પૂજન પદો ગાઇને કર્યું તે આ પર્વની વિશેષતા હતી.

ભારતની ધરતી ઉપર યોજાયેલાં આ પર્વમાં અમેરિકાના બાળકો સર્વત્ર છવાઇ ગયા! શ્રી સુરેશભાઇ અને ભાવનાબેન (લોસ એન્જલીસ, અમેરિકા)ની આગેવાની હેઠળ તે પરિવાર-

ના બધા જ સભ્યો રોજ એક આધ્યાત્મિક અને ઉપદેશાત્મક વિષય લઈને લઘુનાટિકાઓ રજૂ કરી તે અજોડ હતી. તે કાર્યક્રમોમાં સ્વર અને સંગીત પણ તે બાળકો જ પીરસતા અને તે પણ ભારતીય સંગીત! તે એક અજોડ ઘટના હતી. પરદેશમાં જ જન્મેલા અને ગુજરાતી ભાષાનું નહિવત્ જ્ઞાન ધરાવતાં આ ઊગતાં બાળકોએ કેવળ અને માત્ર કેવળ પૂ. મા—પ્રભુ તરફ પોતાના પ્રેમને કારણે રોજ એક અદ્‌ભુત વાત લઈને આવતા અને પોતાના નિર્દોષ અભિનયદ્વારા અણમોલ છાપ ઊભી કરી દીધી. મહિનાઓની તૈયારી અને અથાક પ્રયત્નોદ્વારા તે સૌએ આ પર્વને ચાર ચાંદ લગાવી દીધા.

આ પર્વની વાત કરવા બેસીએ તો ક્યાંયે પૂર્ણવિરામ આવે એવું મને લાગતું નથી! આ સઘળું થયું તો ખરું પણ કોઈની સહાય કે સહકાર વિના થયું? બની શકે ખરું? પૂ. માના હજાર હાથની આગળ જે વાત કરી તે હજાર હાથ એટલે...... અજોડ એવા કર્પૂરવનના વનવાસીઓ. હા! વનવાસીઓ. જેમણે પોતાના ઘર સૌ માટે ખુલ્લાં મૂકી દીધાં! વન તો ખુલ્લું જ હોય ને? ત્યાં ક્યાં તાળા હોય છે? તો તેવાં તાળાં વગરનાં ઘરમાં જે રહે તે પણ વનવાસી! વળી પૂ. માએ પણ 'કર્પૂરવન' નામ આપ્યું, તેથી કર્પૂરવનના વાસી—વનવાસી. માત્ર ઘર જ નહીં પરંતુ રૂરિયાતની દરેક વસ્તુ, વાહન, સઘળું પૂ. માના બાળકો માટે ઉપલબ્ધ કરી આપ્યું, તે પણ હસતાં મોઢે અને ખુલ્લાં હૃદયે! દિવસરાત, કોઈ પણ સમયે સેવા કરવા તત્પર રહી તે સૌએ પૂ. માની પ્રાગટ્યભૂમિને વધું ગૌરવ અપાવ્યું. તે સૌને અમારા પ્રણામ, અભિનંદન.

'મા પરિવાર'—પૂ. માના સૌ પરિવારજનો, જેમણે આ



સમગ્ર પર્વની સઘળી જવાબદારી પોતાના પર લઈ પૂ. માના બાળકોને છ—છ દિવસ સુધી પૂ. માની સ્થૂળ અને સૂક્ષ્મ સંનિધિનો અમૂલખ લાભ ધરી સૌને ઋણી કરી દીધા! જેમના આભાર માટે મારી પાસે કોઈ શબ્દો નથી.

પૂ. મા—પ્રભુના બાળકો જેમણે જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં ઊભાં રહી જઈને આ સમગ્ર કાર્યક્રમને સાર્થક કરવામાં સેતુનું કામ કર્યું. ખાસ કરીને યુવાન બાળકો જે ઉત્સાહથી નાનામાં નાનું કામ કરવા દોડી જતાં એ જોઈને મનમાં રોમાંચ અનુભવ્યો. શ્રી રાજુભાઈ જાની અને શ્રી અજયભાઈ કલોલા, જેમણે સમગ્ર કાર્યક્રમનું કુશળતાપૂર્વક સંચાલન કર્યું. અને આ પર્વને માણવા, પૂ. માના આમંત્રણને સ્વીકારી હજારો માઈલો દૂરથી આવેલા દેશ અને પરદેશના ભક્તો, જેમના વિના આ પર્વ અધૂરું જ રહ્યું હોત.

મારે માટે તો આ સઘળું અલૌકિક જ હતું. તેથી મારે સૌનો ઋણસ્વીકાર કરવો જ રહ્યો.

અંતે પૂ. મા—પ્રભુને પ્રાર્થું કે અમારા જીવનમાં આ સંનિધિ-પર્વ કાયમ ચાલ્યા કરે, જ્યાં જ્યાં જે સારું છે તે સઘળું મળે અને પૂ. માની સંનિધિ અખંડ રહે.

○

### કર્પૂરવનમાં સ્નેહયજ્ઞમાં

# પ્રથમ દિવસે જાણ્યું ને માણ્યું

ડૉ. બી. જે. જાગાણી

૨૩ થી ૨૮, ડીસેમ્બર—૨૦૦૩ દરમિયાન કર્પૂરવનમાં 'મા' સર્વેશ્વરી સંનિધિપર્વ નિમિત્તે આયોજિત સ્નેહયજ્ઞના પ્રથમ દિવસે સવારની બેઠકમાં પૂ. માનું ભવ્ય સ્વાગત થાય છે ને કર્પૂરવનના મોભીઓને શ્રદ્ધાંજલિ અપાય છે. આ બેઠક પછી બપોરની બેઠકમાં ૩—૩૦ કલાકે પૂ. મા પધારે છે. જોરથી 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રગાન થાય છે. પૂ. શ્રીની અમૃતવાણી ઓડિયો કેસેટ પ્લેયરદ્વારા સૌને સાંભળવા મળે છે. પૂ. શ્રી ગુરુતત્ત્વ, મહત્તા ને શરણાગતિ પર મનનીય પ્રવચન કરે છે. આ પ્રવચનનો ટૂંકસાર આ મુજબ છે.

● 'ગુરુબિન કૌન બતાવે બાટ, બીચમેં અહંકાર કી ઘાટ' કબીરના પદની પંક્તિ પૂ. શ્રી બોલે છે ને કહે છે કે 'આત્મ-કલ્યાના પથ પર આગળ કેમ વધાય તેની સમજ ગુરુ આપે છે. વચ્ચે ભ્રાંતિકી પહાડી નદિયા' આવે છે. અહંકારરૂપી આ ભ્રાંતિની પહાડી નદીમાં સાધકો અટવાઈ પડે છે ત્યારે સદ્‌ગુરુ રસ્તો બતાવે છે.

● 'સાધારણ વિદ્યાભ્યાસ માટે ગુરુ પાસે જવું પડે, શાળા—કોલેજમાં જવું પડે, પુસ્તકો વાચવા પડે, ટ્યુશન રાખવા પડે. સાધરણ વિદ્યાભ્યાસ માટે શિક્ષકની જરૂર પડે છે તો અધ્યાત્મ-વિદ્યામાં સદ્‌ગુરુની આવશ્યકતા તો પડેને! સત્યને વફાદાર રહી સદ્‌ગુરુ રસ્તો બતાવે છે. આ પ્રવાસમાં ગુરુ પોતે પણ મુસાફર હોય છે, પ્રવાસની ખૂબીઓ જાણે છે માટે પ્રવાસ સરળ બને છે. ગુરુને આ માર્ગના પ્રવાસનો અનુભવ હોય છે. કબીર સાહેબ કહેવા માગે છે કે સદ્‌ગુરુનું શરણું લેવું'



● 'ગુરુ બ્રહ્મા બની સારી ટેવો, વ્રતો, વગેરેનો નવો સંસાર શિષ્યમાં રચે છે. શિષ્ય માટે નવું જીવન રચે છે, સત્કર્મોનો નવો સંસાર રચે છે. શિષ્યના અંતઃકરણમાં આ નવો સંસાર રચાય છે એ અર્થમાં ગુરુ બ્રહ્મા છે.'

● 'ગુરુ વિષ્ણુ પણ છે. શિષ્ય માટે કલ્યાણનો રસ્તો બતાવ્યા પછી તેનું પાલન પોષણ કરે છે. ઉપદેશ, મંત્ર, વ્રત વગેરે જીવન વિકાસનાં સાધનો આપ્યા પછી શિષ્ય તેનો ઉપયોગ કરે છે કે નહીં, તે ગુરુ ધ્યાન રાખે છે. મંત્ર જપે છે? ધ્યાનમાં બેસે છે? સાધનમાં આગળ વધારવા પ્રેરણાના પીયૂષ પાય છે. શરીર સુખમાં જીવનનું ધ્યેય નથી. શરીરમાં મન, ઇંદ્રિયો ને આત્મા છે. આત્માનો વિકાસ કરવા ગુરુ માર્ગ બતાવે છે. શિષ્યનું ધ્યાન રાખે છે.'

● 'જેમ માળી બગીચામાં છોડ રોપે, પાણી પાય, ખાતર નાખે, છોડને કલમ કરે, બગીચા ફરતે વાડ કરે જેથી બકરા, ગાય, ગધેડા નાશ ન કરે તેમ સદ્‌ગુરુ શિષ્યને આપેલા મંત્રનું ધ્યાન રાખે છે, આપેલા વ્રતો—નિયમોનું ધ્યાન રાખવા પ્રેરણા-ના પીયૂષ પાય છે. અનુશાસન શીખવે છે. માતા જેમ બાળકનું પાલન પોષણ કરે, કપડા આપે, ખવરાવે, નવરાવે ને બાળક શક્તિશાળી ન બને ત્યાં સુધી ધ્યાન રાખે છે. સદ્‌ગુરુ શિષ્યની મુક્તિ ન થાય ત્યાં સુધી વિષ્ણુ બની ધ્યાન રાખે છે.'

● 'ગુરુને શંકર સ્વરૂપ કહેવાય છે. શંકર બની શિષ્યની જડતા, પ્રમાદ, આળસ, અહંકાર, મમતા, રાગ—દ્વેષ આસક્તિ વગેરેનો નાશ કરે છે.'

● 'ગુરુ સાક્ષાત પરબ્રહ્મ છે. પરમાત્માના પ્રતિક છે, પરમાત્માના પ્રતિનિધિ છે. શિષ્યને મમતાથી, પ્રેમથી, શાંતિથી, મક્કમતાથી માર્ગદર્શન આપે છે. શિષ્યનું કલ્યાણ કરે છે ને આત્મકલ્યાણના માર્ગે આગળ વધારે છે. શિષ્યને ગુરુમાં શ્રદ્ધા હોય, મંત્રમાં વિશ્વાસ હોય, ગુરુએ બતાવેલ માર્ગ પ્રમાણે ચાલે તો શિષ્યનું કલ્યાણ થાય છે.'

● 'ગુરુ શું કરે છે તે શિષ્ય જોતો નથી પણ ગુરુ શું કહે છે તે શિષ્ય કરે છે. ગુરુ આખી રાત જાગી શકે છે પણ શિષ્ય આખી રાત જાગી શકતો નથી. શિષ્ય આખી રાત જાગે તો ઉજાગરો થાય. બીજા દિવસે સૂઇ જવું પડે છે. ગુરુની ભૂમિકા જુદી જાતની હોય છે.'

● 'શ્રી શંકરાચાર્ય મહારાજ શિષ્યોની મનોદશા જાણી ગયા. શિષ્યો ગુરુની નકલ કરવા લાગ્યા. શંકરાચાર્ય એક દુકાને ગયા. ત્યાં દારૂ મળતો હતો. શિષ્યો પણ ગયા. શિષ્યો આનંદ મગ્ન થયા. શિષ્યોથી ખોટું અનુકરણ થઇ ગયું. શંકરાચાર્ય બીજી દુકાને ગયા. દુકાનમાં જઇ ધગધગતો સીસાનો રસ પી ગયા. કશું થયું નહીં. આ જોઇને શિષ્યો વિચારમાં પડ્યા. શંકરાચાર્ય કહે છે કે સીસાનો રસ જરાક તો લો. આગળની દુકાનમાં ગુરુની નકલ કરી દારૂ તો લીધો હતો. અત્યારે નકલ કરો. કોઇ શિષ્ય તૈયાર થયો નહીં. શંકરાચાર્ય પાસે યોગબળ હતું. તે શક્તિથી કોઇ પણ ખાદ્યપદાર્થને દૂધ કે ફળરસમાં પરિવર્તન કરી શકતા હતા. એટલે ઊલ્ટી કરીને શિષ્યોને બતાવ્યું કે સીસાનો રસ દૂધમાં પરિવર્તીત થઇ ગયો. ગુરુનું આંધળું અનુકરણ ના કરાય.'

● 'શ્રી કૃષ્ણએ ગોપીઓ સાથે રાસલીલા કરી. આપણે



પણ કોકની સ્ત્રીઓ સાથે રાસલીલા કરવાનું અનુકરણ કરીએ એમ થાય. શ્રી કૃષ્ણે કાલીનાગનું મર્દન કર્યું હતું. વાદ શ્રી કૃષ્ણનો ના થાય. આપણે તો વંદા ને કાનખજૂરાથી ડરીએ છીએ. તેમણે ગોવર્ધન પર્વત ઉચક્યો હતો તમે પાંચ કિ. ગ્રામનો પથરો પણ ના ઉંચકી શકો. પોતાની યોગ્યતા પ્રમાણે કરો. અનુકરણ ના કરો.'

● 'ગુરુ મંત્ર આપે છે. મંત્ર જપવાની વિધિ બતાવે છે. મીરાંબાઇને પ્રભુએ મંત્ર આપ્યો. મીરાંબાઇને રતન મળી ગયું. રટવાનું શરૂ કર્યું. મંત્ર રટવાથી નામી પાસે પહોંચાય. માટે મીરાંબાઇએ ગાયું—

રામરતન ધન પાયો,
પાયોજી મૈને રામ રતન ધન પાયો,
વસ્તુ અમુલખ દી મેરે સતગુરુ,
કિરપા કર અપનાયો—પાયોજી.'

● 'મળેલા મંત્રને વિશ્વાસ રાખી જપો. અમને કોઇ કહે કે યોગેશ્વરજી મંત્ર આપશો? જરૂર. તે કહે કે મંત્ર એકવાર તો લીધો છે પણ બીજી વખત લેવો છે. અમે વધારે વાર કે ચાર—પાંચવાર આપીશું પણ અગાઉ આપેલા મંત્રથી શું વાકું પડ્યું? તો તે કહે કે મંત્રમાં પાણી નથી. અમે કહ્યું કે મંત્રમાં પાણી છે પણ તમારામાં પાણી નથી. તમારામાં પાણી જોઇએ. મંત્રમાં તો નાળિયેરમાં જેમ પાણી છે પણ તમારામાં નાળિયેર તોડવાની શક્તિ જોઇએ. નાળિયેર તોડવું પડે. હાથથી નાળિયેર ના તૂટે તો તોડાવવું પડે. મંત્ર જપવો પડે. મંત્ર લીધા પછી દિવાળીના દિવસે જપ્યો ને બીજી દિવાળી સુધી ના જપ્યો તો ફળ ક્યાંથી મળે. મીરાબાઇની જેમ જપવો પડે.'

● 'ગુરુએ આપેલા મંત્રને ને ગુરુને આપણે ફિટ થવાનું છે. નોકરીમાં બોસને ફિટ થવાનું છે. જો ફિટ ન થવાય તો નોકરી છોડવી પડે. પરણ્યા એટલે લગ્નજીવનમાં ફિટ થવું પડે છે.'

● 'જેવા તેવા ગુરુ પાસે ન જવાય. અખો ગુરુની શોધમાં હતો. તેને ગોસાઇનામના ગુરુના ખૂબ કડવા અનુભવો થયા. તેની પાસે સોનું હતું ત્યાં સુધી ગુરુએ સ્વાગત કર્યું. અખાને ઢોંગી ગુરુએ છેતર્યો. પૈસા પડાવી લીધા. આત્મકલ્યાણ થયું નહીં. પછી કાશીમાં પ્રજ્ઞાચક્ષુ ગુરુ પાસે ગયો તેને ગુરુ તરીકે સ્વીકાર્યા. પછી બાવળા આવી ગુરુગીતા લખી'

● ગુરુની ઓળખ માટે પૂ. શ્રી પોતાનું રચેલું પદ રજૂ કરે છે.

ચાલોને સાચા સંતને શરણે જઇએ,
એવા સંતના દાસ થઇને રહિયે!—ચાલોને.
જોગી થઇને નથી જંગલ જવું ને પેલા,
જ્ઞાનના ઘૂંટ કેમ ગળિયે,
સંતોને સેવવાથી સઘળું સધાઇ જાયે,
મણિ પામી રંક કેમ રહિયે!—ચાલોને.
પ્રેમનું નાણું ને શ્રદ્ધાનું શ્રીફળ
લઇને સંતોની પાસે જઇએ.
પાગલ કે' પાછું ફરવું પડે જ નહીં,
શાંતિ આપે તે સંત કહિયે.—ચાલોને.

● 'આપણા મનને આપણે સમજી નથી શક્યા તો ગુરુને ક્યાંથી સમજી શકવાના. ગુરુ કહે તેમ કરવાનું છે'

પૂ. શ્રીની અમૃતવાણી પૂર્ણ થયા પછી ૪.૩૦ કલાકે સંનિધિપર્વની સ્મૃતિ કાયમ જળવાઇ રહે તે માટે વિદ્યાર્થી



જગતના લાભાર્થે નોટબૂકનું વિમોચન કરવામાં આવ્યું. સુંદર પેકિંગમાં નોટબૂકો છે. પૂ. શ્રીના સ્વરૂપને ધરીને પેકિંગ ખોલી સૌ સમક્ષ પ્રદર્શિત કરવામાં આવે છે. સ્ટેજપર શ્રી અંબુભાઇ, શ્રી વાસુદેવભાઇ, શ્રી પ્રભુભાઇ, શ્રી રતીભાઇ, શ્રી પૂજાબેન, શ્રી રાધિકા, શ્રી શારદાબેન શાહ, છે. બધાને પૂ. મા પોતાના હસ્તે દરેકને નોટ આપે છે. નોટ પર 'શ્રી સર્વેશ્વરી સંનિધિ પર્વ' લખ્યું છે. વચ્ચે 'વરદ હસ્ત પ્રભુ તમારો સદાયે રહેજો જીવન સહારો' લખ્યું છે. ગુજરાતનો નકશો છે જેમાં કપુરાના સ્થાનને દર્શાવવા દીપકનું ચિત્ર મૂક્યું છે. નકશા ઉપર 'મા સર્વેશ્વરી લખ્યું છે.' નીચે 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્ર છાપ્યો છે. શ્રી રૂક્ષ્મણીબેન પ્રભુદાસ, શ્રી હંસાબેન અંબુભાઇ અને શ્રી પદ્માબેન વાસુદેવ તરફથી આ નોટબૂક માટે આર્થિક સહયોગ મળ્યો છે એટલે પૂ. માએ આ નોટબૂકમાં તેઓના નામ લખીને આભારદર્શન સહજ રીતે જ કર્યું. નોટબૂકના અંદરના પૃષ્ઠ પર પૂ. શ્રીનો પરિચય આપ્યો છે. પૂ. શ્રી ધ્યાનમગ્ન છે. અને પૂ. મા કરકમળ જોડી ધ્યાનમગ્ન બની પૂ. શ્રીની તરફ વંદન કરી રહ્યાં છે. આ દૃશ્ય નયનરમ્ય છે ને પૂ. માની ભક્તિ, શરણાગતિ ને શ્રદ્ધા પૂ. શ્રી પ્રત્યે સહજ રીતે વ્યક્ત થાય છે.

પૂ. શ્રીનો પરિચય આ મુજબ છે.

**'વહાલાં બાળકો, આપણા જેવડા નાનકડા બાળકે જીવન પ્રવાસ શરૂ કર્યો. મોટા થતાં યાત્રી, મહાયાત્રી, મહાયોગી બની ગયા. અરે ''મહાત્મા યોગેશ્વર'' નામે પ્રસિદ્ધ બની પ્રતિષ્ઠિત થઇ ગયા.**

**મહાત્મા યોગેશ્વરજીનો જન્મ ૧૫ મી ઓગસ્ટ ૧૯૨૧ ના રોજ સરોડા ગામમાં થયેલો. નાની ઉંમરથી જ મહાત્માજીને**

**વાચનનો ખૂબ શોખ હતો. અંગ્રેજી ચોથા ધોરણથી તો મહાત્માજીએ દરરોજ ગીતાવાચનનો નિયમ કરેલો. તેઓ મહાન સંતોના જીવનચરિત્રોનું નિયમિત વાચન કરતા હતા.**

**માત્ર ૧૪ વર્ષની નાની ઉંમરે તેમણે 'ચેતન' સામયિકમાં સાહિત્ય સર્જનની શરૂઆત કરી. મહાત્મા યોગેશ્વરજીએ ઈ. સ. ૧૯૪૦ થી ૧૯૬૦ સુધી હિમાલયમાં સાધના કરી હતી.**

**તેઓના વરદ્હસ્તે '૧૦૦' કરતાં પણ વધુ ગ્રંથો લખાયા છે. 'સરળગીતા' તેમાંનું એક છે.**

**તો પછી હે બાળકો, પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીના જીવન-માંથી પ્રેરણા લઈ એમના જેવા મહાયોગી બનવા આપણી પણ સર્વ શક્તિઓનો સંપૂર્ણ વિકાસ થાય એવી પ્રાર્થના સાથે આપણે અભ્યાસ શરૂ કરીશું.'**

નોટના કવરના છેલ્લા પૃષ્ઠની અંદરની બાજુએ પૂ. શ્રી રચિત 'એવી બુદ્ધિ દો અમને' એ પ્રાર્થના છાપી છે. આ સ્તુતિ ઉપર એક તોરણ છે, નીચેની બાજુએ કેળના સ્તંભ છે. આખુંય દશ્ય જોઈને લાગે છે કે સાધારણ રીતે છપાય તેમ નહીં પણ પ્રેમપૂર્વક, કલાત્મક રીતે આદર સાથે અને પૂર્ણ ગૌરવ સાથે આ સ્તુતિ છપાઈ છે.

નોટના કવર પૃષ્ઠની બહારની બાજુએ પૂ. મા રચિત 'વરદ હસ્ત' ને પૂ. શ્રી રચિત 'ગુરુને વંદન' બે સ્તુતિ છાપી છે. ત્રણ ઘંટડીઓ અને તુલસીનો ક્યારો—તે પણ કલાત્મક રીતે શણગારેલો છે.

આ નોટની સાઈઝ, રંગ, સ્તુતિઓ, તેમા મૂકેલ કલાત્મક ચિત્રો વગેરે જોઈને એમ લાગે કે સ્નેહયજ્ઞનો સ્નેહ પણ આ નોટ પામી, ભીંજાણી ને સુપાત્ર પાસે પહોંચવા પ્રસિદ્ધ થઈ.



પૂ. માએ આ નોટ તૈયાર કરવામાં કેટલો પરિશ્રમ લીધો હશે તેનો અંદાજ સહજ રીતે આવે છે. પ્રણામ છે કોટિ કોટિ પૂ. માના ચરણોમાં ને પૂ. માએ પીરસેલા સ્નેહને.

દરેક સાધકના ઘરમાં કેલેન્ડર રહે તે માટે કેલેન્ડર પણ પૂ. માએ તૈયાર કરાવ્યું ને તેનું વિમોચન પણ થયું. એ કેલેન્ડરનું વર્ણન અહીં શક્ય નથી. એના માટે તો કેલેન્ડર જોવું જ પડે ને નિરીક્ષણ કરવું પડે. પનામાવાળા શ્રી વસંતભાઈ ને પદ્માબહેને આ કેલેન્ડર માટે આર્થિક સહયોગ આપ્યો છે. શ્રી પદ્માબેનના હસ્તે આ કેલેન્ડરનું અનાવરણ થાય છે.

બપોર પછી ૪.૫૫ કલાકે મુંબઈથી પધારેલ યુવાન સાધક શ્રી યોગેશભાઈ પંડ્યાએ ભાવવાહી શૈલીમાં પ્રવચન કરી પૂ. માના ગુણાનુવાદ ગાયા. પ્રવચનના અંશો સહુ કોઈને ઉપયોગી થાય ને પૂ. માની ભક્તિ—શરણાગતિમાં ઉપયોગી થાય તેવા છે. આ રહ્યાં તે :

● સંનિધિપર્વ કલ્પવૃક્ષ સમો છાંયડો છે. પૂ. મા જીવનનું ઘડતર કરે છે. કર્પૂરવનમાં ભીખીબા—કાલીદાસકાકારૂપી સરો-વરમાં ભક્તિરૂપી જળ છે, કાંઠા પર પરમાર્થીરૂપી કદંબનું વૃક્ષ છે. એ સરોવરમાં પૂ. મા સર્વેશ્વરીરૂપે સરોજ—પદ્મ—ખીલ્યાં છે.

● નવયુવાનોનું ઘડતર પૂ. મા સૂક્ષ્મ રીતે કરે છે. જન્મો-જન્મના સાથી છે. આપણા જીવનમાં આત્મતત્ત્વ પરની કાળાશ દૂર કરે છે. પૂ. મા જુદા જુદા સમયે જુદા જુદા રૂપો લઈને પૃથ્વી પર અવતર્યાં છે.

● ગીરજા, મુલ્લા, ગુરુગીતા, આત્મતત્ત્વ, પવિત્રતા, સહજતા, શુદ્ધતા, સરળતા એ મા જ છે. સહજ રીતે અમ જેવા ઘાસના તણખલાને સંનિધિરૂપી ઝાકળબિંદુઓ પૂ. માએ ધર્યાં છે.

● જપ, તપ, સ્તુતિ, સત્સંગદ્વારા માત્ર શુદ્ધ કરીએ અને પૂ. માની સંનિધિ માણીએ. પૂ. માની સંનિધિ તો પત્ર, ફેક્સ, ઈ–મેઈલ, ટેલિફેક્સ વગેરે દ્વારા દૂર દૂરના સાધકોને પણ મળે છે.

● યુવાની જીવનનું ધન છે. આ ધનને સાચવી લેવું. પૂ. મા યુવાનોને સતત સંનિધિ આપે છે.

● સત્યપથ(અમદાવાદ)થી સ્વર્ગારોહણ (અંબાજી)ની પદ-યાત્રામા ૨૩ સાધકોને પૂ. માએ જેમ આંખને પાંપણો સાચવે તેમ સાચવ્યાં છે. સડક ને પહાડોમાં હાજરી આપી. અંબા-ઘાટની ચડાઈમાં પૂ. મા પધાર્યાં. સૌ સંકીર્તન કરતાં કરતાં આ ઘાટ ચડી ગયા અને દુર્ગમ યાત્રા પૂર્ણ થઈ.

● પૂ. માનું મૌન–એકાંત એ સાધકો પર અનન્ય ઉપકારો છે. પૂ. મા જે ડાયરી લખે છે તે પણ સાધકો પરનો ઉપકાર છે. સૌ અનુષ્ઠાનો સ્વમાં અસ્ત થઈ જાય અને પરમને પામીએ એ જ પ્રાર્થના.

પૂ. માની ઉપસ્થિતિ છે ને શ્રી યોગેશભાઈએ આ વાણી-મયી સ્તુતિ કરી તો સૌ પ્રસન્ન થયા અને શ્રી યોગેશભાઈ પૂ. માના આશીર્વાદ પામ્યા. બરાબર ૫.૧૩ કલાકે પ્રવચન પૂર્ણ થાય છે. આ બેઠક પૂર્ણ થાય છે.

બરાબર ૭.૧૫ કલાકે સાંજે રાત્રીની બેઠકમાં પૂ. મા પધારે છે. સૌ સાધકો પૂ. માની બાવની ગાય છે. પૂ. મા તાલી આપે છે ને સહર્ષ સાધકોનો ભાવ સ્વીકારે છે.

અમેરિકામાં જન્મેલાને ગુજરાતી પણ ના આવડતું હોય તેવા નાનાં નાનાં બાળકો સહિત સૌ મોટેરાં (૧૩ બહેનો–૯ ભાઈઓ) રાષ્ટ્રભક્તિનું ગીત રજૂ કરે છે. સૌના હાથમાં ઈલેક્ટ્રોનિક દીપક છે. ખાસ પ્રકારના દીપકો વિદેશથી લાવ્યાં



છે. પવન લાગે તો પણ ઓલવાય નહીં. સૌ 'સુજલામ–સુફલામ' ગીત ગાય છે. પૂ. મા કરકમળ જોડી બિરાજમાન છે. ભારતમાતાનું એક મોડેલ પૂ. શ્રીના સ્વરૂપ પાસે મૂકેલું છે. આ મોડેલ લોસએન્જેલસથી જાતે જ તૈયાર કરીને બાળકો લાવ્યાં છે. પ્લેઈનની મુસાફરીમાં પણ આ મોડેલ સાચવીને કર્પૂરવન સુધી લાવવું એ પણ એક સાધના જ છે ને!

પૂ. માના હીંચકા પાસે કાર્યક્રમમાં સહભાગી એવો એક નાનકડો બાળ પૂ. માને **'આવો મૈયા તૂમ્હે દિખાયે ભારત-માતા'** કહીને મોડેલ પાસે દોરી જાય છે. પૂ. મા પણ પ્રસન્નતા-પૂર્વક બાળકની આ ચેષ્ટાથી નાટકના એક પાત્રની જેમ સહ-ભાગી બની ભારતમાતાના મોડેલ પાસે પધારે છે. સૌ ગાય છે :

'અમે તમારા નાનાં બાળ,
પ્રાર્થના કરીએ સાથે આજ.
કરજોડીને આજ,
રૂપ ધરી વર્ષા કરજો,
જીવન પંથે સાથ ધરો,–પ્રાર્થના'

આ નાટકમાં તેજલ, ગાર્ગી, ગોપી, તેજન, પાવન, નિલેશ, વિકાસ, સત્યેન, શેતલ, સપના, સમીર, નિશા, મહેન્દ્રભાઈ, કિશોર, સુરેશભાઈ, કીર્તિબેન, દિના, ગીતા, લતાબેન, ભાવનાબેન પરમાર્થી, ઉષાબેન સહભાગી થયાં હતાં. ઈલેક્ટ્રોનિક દીપકોને નીરુબેન મિસ્ત્રી સરસ રીતે ગોઠવે છે. પૂ. મા સ્લેટ પર લખે છે **'ભારતભૂમિનું મોડેલ બાળકોએ જાતે જ બનાવ્યું છે. આપણો પ્રોગ્રામ પૂરો થાય પછી મોડેલ ચોક્કસ જો જો.'** આ કાર્યક્રમ ૭.૪૭ કલાકે પૂર્ણ થાય છે.

૮.૦૦ કલાકે વડોદરાના (હાલ સિંગાપોર) શ્રી મીનળબેન

મેરાઇ શાસ્ત્રીય નૃત્ય કરે છે. શ્રી બીજલબેન માઇક પર જે શાસ્ત્રીય નૃત્ય રજૂ થાય તેનો પરિચય આપે છે. પુષ્પાંજલિ કૃતિ, આદિતાલ, જતી કૃતિ—રૂપક તાલ, મહેશ તાંડવ—આદિ-તાલ, અષ્પપદી, આદિતાલ, કીર્તનમ, વગેરે કૃતિઓ અને તાલ સાથે શાસ્ત્રીય નૃત્ય કરીને સૌને એક કલાક સુધી મુગ્ધ કર્યા. પૂ. મા પણ પ્રસન્ન થયાં. પૂ. મા સ્લેટ પર લખે છે. **'મીનળબેન સત્સંગી પરિવારની નાનપણથી જોડાયેલી દીકરી છે. આપણને ગૌરવ થાય છે.'** શ્રી મીનળબેને નૃત્ય પૂરું કર્યા પછી પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું કે 'પૂ. માની કૃપા ને આશીર્વાદથી સિંગાપોરની ધરતી પર શાસ્ત્રીય સંગીત—નૃત્યનો પ્રસાર—પ્રચાર કરું છું. પૂ. મા બધું સંભાળે છે. અમારી ભૂલ થાય તો ક્ષમા કરજો, પૂ. મા—પ્રભુનું રક્ષાછત્ર સાથે છે એટલે એકલી છું એવું લાગતું નથી. મને કલાકાર તરીકે ન જોશો. અહીંનું બાળક છું.' પૂ. મા ઊભા થઇને મીનળબેનને બૂકે આપે છે અને એક થેલીમાં પ્રોત્સાહક ભેટ પણ આપે છે. મીનળબેન ધન્યતાનો અનુભવ કરી પૂ. માને પ્રણામ કરી સ્ટેજ પરથી વિદાય લે છે.

શ્રી ધનજીભાઇ સુતરિયા તથા શ્રી રવજીભાઇ સૌરાષ્ટ્રના પ્રચલિત દોહા ગાય છે. કેટલાક દોહા આ મુજબ ગવાયા. આ પ્રસંગે વાતાવરણ ખૂબ જ ભક્તિમય બની ગયું.

'માડી જય જગદંબા સર્વેશ્વરી
અમે જપીએ તમારા જાપ.
માડી અખંડ તારા દીવડા બળે
માડી પ્રગટો આપોઆપ'

'વાણીથી તું પર વસે
આદિ ન મળે અંત



મહિમા ઈ મહિમા તારો માવડી
સમજ્યા કોઇ જાણ'

'માડી ચિંતા વિઘ્ન વિનાશિની
કમલા શાંત શક્ત
માડી વિજ્ઞાની હંસવાહિની
મધુર ગાવે સુમન'

'મન મજબૂત રાખું
હૈયું ન રહે હાથ
મા સર્વેશ્વરી મારી પ્રાર્થના સાંભળ
સંનિધિ ધરજો સર્વદા'

'પૂજાય પૂજા માની કરી
પાર્થે જોડ્યો રથ
જગદીપે દીપ પ્રગટાવીયું
નયનાએ આપ્યું સંનિધિ પર્વ'

શ્રીમતી આશાબેન ભક્ત (પૂ. માની લાકડી—પૂ. શ્રીએ આપેલું નામ) ૯.૩૭ કલાકે પૂ. માની સૂચનાથી થોડું બોલે છે. 'આજે સવારના ૬.૩૦ કલાકથી દિવસ શરૂ થયો છે. સતત આનંદ છે, પૂ. શ્રી મા નિર્દોષતાનું સ્વરૂપ છે. પૃથ્વી પર જન્મતાં જ 'મા' બોલતાં શીખીએ છીએ. આ જન્માંતરની મા છે. પૂ. માના ગુણગાન કેવી રીતે ગવાય. મા બધું સમજે છે. મા સુપર પાવર છે. વિવિધતામાં એકતા છે. શ્રી મીનળ-બેન અને શ્રી રવજીભાઇનો કાર્યક્રમ ટિકિટ લઇને જોવા જઇએ તેના કરતાં વધારે આનંદ આપે તેવો છે. પૂ. માના દરબારમાં વિશેષ વ્યક્તિત્વોનો મેળાવડો થયો છે. 'મા' ભગવતીનું નિર્દોષ આનંદ સ્વરૂપ છે. નિર્દોષતા તેની શોભા

છે. નિ:સ્વાર્થપણે પ્રેમ કરવો તે કલા પૂ. મા જ જાણે છે.'

પ્રથમ દિવસનો કાર્યક્રમ 'વંદન કરું' પ્રાર્થનાથી પૂર્ણ થાય છે. દરવાજે પ્રસાદરૂપે સૂંઠની મોટી મોટી ગોળી અપાય છે. સૌ પોતપોતાના ઉતારે શયન કરવા જાય છે. ઠંડી ઘણી હતી છતાં પણ સૌને હૃદયમાં પૂ. માના પ્રેમની હૂંફ હતી.

○


**સુખની ઈચ્છા સફળ થવાનાં સાધનો**

(૧) દુર્જનના સંગનો ત્યાગ.
(૨) સજ્જનનો સમાગમ.
(૩) અહોનિશ પુણ્યકાર્ય કરતા રહેવું
(૪) સાંસારિક પદાર્થોમાં અનિત્યતાનું વારંવાર સ્મરણ

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઈલ : **૩૧૧૦૩૦૪**

**દીપક સી. મહેતા**

**❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧




# સત્યપથથી સરોડાની પદયાત્રા

**રાજુ જાની**

કર્પૂરવનમાં 'મા સર્વેશ્વરી' સંનિધિપર્વ પૂરું થતાં જ તા. ૩૦ ડીસેમ્બર, ૨૦૦૩ ના રોજ આયોજિત અમદાવાદથી સરોડાની પદયાત્રા માટે ભારતના તેમ જ વિદેશથી આવેલા ભક્તોએ ૨૯ મી તારીખે બપોરે અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. લગભગ ૧૦૦ જેટલા ભાઈ બહેનો બસદ્વારા રાત્રે અમદાવાદ પહોંચ્યાં. તો ૮૦ ભાઈ બહેનો સીધાં પોતાની રીતે અમદાવાદ આવી ગયાં.

પદયાત્રાનો પ્રારંભ મણિનગરમાં પ. પૂ. શ્રી યોગેશ્વરજીનાં બહેન તારાબેનના નિવાસસ્થાન 'સાંઈકૃપા'થી કરવાનો હતો. મણિનગરમાં જ 'મારુતી હોલ'માં રાત્રે જ ૧૮૦ જેટલા સાધક ભાઈ બહેનોનો રાત્રિ મુકામ હતો. જ્યાં પૂ. માના ભક્ત શ્રી બિપીનભાઈ તન્નાના પરિવાર તરફથી સૌને રાત્રિ ભોજનનો પ્રસાદ અપાયો.

સવારે ૫–૩૦ કલાકે બધાં જ ૧૮૦ ભાઈ બહેનો તૈયાર થઈ ગયાં. ત્યાંથી પદયાત્રા માટે સૌ પૂ. શ્રી જે નિવાસસ્થાનમાં વર્ષો સુધી આવતા જતાં રોકાતા તે 'સાંઈકૃપા' તરફ પ્રયાણ કર્યું. શ્રી પંકજભાઈ પૂ. શ્રીના ભાણેજ સાથે જ હતા. તેમનાં ભાઈ બહેનો, તેમનાં બાળકો સહિત સમગ્ર પરિવારે સૌ સાધકોને આવકાર્યા. શિસ્તબદ્ધ રીતે સૌએ આ નિવાસમાં પૂ. શ્રી ગુરુદેવ પ્રભુ અને પૂ. શ્રી માતાજી જ્યોતિર્મયીના સ્વરૂપોને પ્રણામ કરી તેમના આશીર્વાદ મેળવ્યા અને શ્રી પંકજભાઈના

પરિવારજનો તરફથી અપાયેલ દૂધનો પ્રસાદ ગ્રહણ કરી બરો-બર સવારે ૬—૧૫ વાગે સરોડા તરફ પ્રસ્થાન કર્યું.

અમદાવાદના નગરજનો વહેલી પ્રભાતે ૧૮૦ સાધકોની આ પદયાત્રાને કુતૂહલ અને આશ્ચર્યથી નિહાળી રહ્યા. પૂ. શ્રી ગુરુદેવ પ્રભુના મંત્રગાન, પૂ. શ્રી મા—પ્રભુની ધૂન અને પૂ. શ્રી માનાં વિવિધ પદોને લલકારતા સૌ ઉત્સાહભેર નાચતાં કૂદતા એક કલાકમાં જ ૬ કિ. મી.નું અંતર કાપીને શહેરની બહાર પહોંચી ગયા.

દસ મિનિટના વિશ્રામ પછી આગળ પ્રસ્થાન કર્યું. પહેલો વિરામ 'સાંઇકૃપા' મણિનગરથી ૧૭ કિ. મી.ના અંતરે આવેલ નકલંક મહાદેવના મંદિરની જગ્યામાં હતો. સૌના હૃદયમાં પદયાત્રામાં જોડાયાનો એક અદમ્ય આનંદ સભર ઉત્સાહ હતો. સંકીર્તન અને મંત્રગાન સાથે થતી પદયાત્રાના કારણે સ્હેજ પણ થાક કોઇના ચહેરાપર દેખાતો ન હતો. યાત્રામાં લગભગ ૧૦૦ જેટલી બહેનો હતી. છતાં કોઇ વિશ્રામ માટે પણ થોભ્યા નહીં. વિદેશથી પૂ. શ્રી માના સંનિધિપર્વ માટે ખાસ આવેલા લગભગ ૭૦ ભાઇ બહેનો પણ આ યાત્રામાં જોડાયેલ. તેમને કદાચ આવી પદયાત્રાનો મહાવરો ના હોય, તેથી તેઓ થાકી જવાની સંભવના હતી, તેથી જ ત્રણ વાહનો પણ સાથે ને સાથે જ રહેતાં હતાં. પરંતુ વિદેશથી આવેલા સૌ સાધક ભાઇ બહેનો તો સૌની આગળ જ રહેતા. તેમાંથી કોઇએ પણ થાકનો અણ-સાર પણ આવવા ન દીધો. લાગતું કે પગ સાધકોના હતા, પરંતુ પૂ. મા—પ્રભુની અદષ્ટશક્તિ તેમના દ્વારા ચાલવાનું કામ કરી રહી હતી.

લગભગ ૧૦—૦૦ વાગે સૌ પ્રથમ વિશ્રામ સ્થાને પહોંચી



જતાં જ નકલંક મહાદેવના આ સુંદર સ્થાનમાં એકાદ કલાકના વિરામ માટે સૌ રોકાયા. અહીંના મહંતશ્રીના સહયોગથી શ્રી પંકજભાઇએ હળવા નાસ્તાનો પ્રબંધ કરેલો. આ સ્થાનમાં પુરાણા શિવમંદિરની સાથે જ ભગવાન શ્રી કૃષ્ણનું સુંદર અને વિશાળ મંદિર પણ છે. તેના પ્રાંગણમાં સુંદર બગીચાની લોન પર વિરામ દરમ્યાન 'બટેકાપૌઆ'નો નાસ્તો પ્રસાદરૂપે સૌએ લીધો.

લગભગ ૧૧—૦૦ વાગે ફરી સૌએ સરોડા તરફ પ્રયાણ કર્યું. હવે અહીથી સરોડાનું ૧૪ કિ. મી.નું અંતર કાપવાનું હતું. સવારની યાત્રામાં જે ઝડપથી સૌ ૧૭ કિ. મી.ની યાત્રા લગભગ ૪ કલાકમાં પૂરી કરી શકતાં તેથી બાકીનું અંતર પણ ઝડપથી પૂરું કરવા સૌ ઉત્સુક હતા. પરંતુ બીજા તબક્કામાં સૌની ઝડપમાં થોડોક ઘટાડો થયેલો સ્પષ્ટ જોઇ શકાયો.

યુવાન ભાઇ બહેનો આગળ નીકળવા માંડ્યા. પ્રૌઢોને થોડાક વિશ્રામની જરૂરત લાગતી રહી. તેમ છતાં હગભગ ૩—૩૦ સુધીમાં તો સૌ સરોડા પહોંચી ગયા. કોઇએ સાથે ચાલતાં વાહનોનો સહારો ના લીધો.

સરોડાના ગ્રામજનો માટે આ નવી વાત હતી, તેમને ખૂબ આશ્ચર્ય લાગતું હતું. આટલી વિશાળ સંખ્યામાં દેશના જ નહીં વિદેશથી પણ આવેલા ભક્તો પદયાત્રા દ્વારા તેમની જ ભૂમિ પર જન્મેલા મહાપુરુષ શ્રી યોગેશ્વરજીના જન્મસ્થાન/જન્મ-ભૂમિના દર્શનાર્થે આવેલા જોઇ, તે સૌ સ્તબ્ધ થઇ ગયા! શિસ્તબદ્ધ રીતે પૂ. શ્રી ગુરુદેવ પ્રભુનું, પૂ. શ્રી મા સર્વેશ્વરીનું તેમ જ પૂ. શ્રી જ્યોતિર્મયી માતાનું જયગાન કરતા સમગ્ર ગામની વચ્ચેથી પસાર થઇ સૌ પૂ. શ્રીના સરોડાના નિવાસે

પહોંચ્યા. પૂ. શ્રી યોગેશ્વરજી પ્રત્યે શ્રદ્ધા ધરાવતા અહીંના શ્રી ગોપાલભાઇ તેમ જ સ્થાનિક કેટલાક ગ્રામજનોએ સૌને આવકાર્યા અને સૌને સરબતનો પ્રસાદ ધરી, અભિવાદન કર્યું.

એકાદ કલાક સૌ પદયાત્રીઓએ સાથે બેસી આ પવિત્ર-ભૂમિનાં દર્શન કરી સંકીર્તન કર્યું. સૌના હૃદયમાં પ્રભુએ આ યાત્રા પૂરી કરવાની શક્તિ અને સામર્થ્ય ધર્યું તેનો અહોભાવ હતો. આ ૩૧ કિલોમીટરની યાત્રા પૂ. મા પ્રભુએ જ કરાવી, કારણ કે મોટાભાગના પરદેશના નહિ, પરંતુ ભારતના સાધકો પણ રોજિંદા જીવનમાં એક સાથે કદી આટલું ચાલ્યા ન હતાં.

સરોડાથી બસદ્વારા અને અન્ય વાહનોદ્વારા સૌ પાછા નકલંક મહાદેવના સ્થાનમાં પહોંચ્યા. અહીં શ્રી પંકજભાઇ અને તેમના પરિવારજનોએ ખૂબ સુંદર ભોજનના પ્રસાદની વ્યવસ્થા કરેલી. સૌએ સાથે બેસી મિષ્ટાન્ન ભોજનનો પ્રેમથી પ્રસાદનો આસ્વાદ માણ્યો.

આ યાત્રા સંપૂર્ણપણે સફળ રહી, ગુરુદેવ પ્રભુએ તેમની કૃપા ને અનુગ્રહથી અને પૂ. શ્રી મા સર્વેશ્વરીના આશીર્વાદથી ૧૮૦ પૈકી કોઇ પણ પદયાત્રીને રસ્તામાં આ યાત્રા અધૂરી ન છોડવી પડી. સૌ બસના યાત્રીઓ સ્વર્ગારોહણ જતા પહેલા સત્યપથ પધાર્યા જ્યાં પૂ. શ્રીનાં સ્વરૂપના દર્શન કરી, સૌ વંદી રહ્યા. ''ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ કાર્ય અમારું સફળ કર્યું.'' મોડી રાત્રે સૌ અંબાજી સ્વર્ગારોહણ પહોંચી ગયા.



# સ્વર્ગારોહણમાં વસ્ત્રવિતરણ

**રાજુ જાની**

અંબાજી અને તેની આસપાસ વસતા ગ્રામજનો પૈકી સ્વર્ગારોહણ તીર્થની પવિત્રભૂમિ પર સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ-ના ઉપક્રમે અનાથ અને અશક્ત પરિવારોના બાળકો માટે વસ્ત્રવિતરણના કાર્યક્રમો સમયાંતરે પૂ. શ્રી મા સર્વેશ્વરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાતા જ રહ્યા છે. ક્યારેક તેનો લાભ નિવાસી શાળામાં રહી અભ્યાસ કરતી આદિવાસી બાળાઓને મળતો રહે છે તો ક્યારેક અંબાજી આસપાસના વિસ્તારની શાળાના બાળકોને. આ વખતે પૂ. શ્રી માનો આ કૃપાપ્રસાદ બહારની શાળાઓના બાળકો પામવા સદ્ભાગી બન્યાં.

આ કાર્યક્રમ માટેનું આયોજન બે માસ પહેલા પૂ. માએ વિચારેલું. અહીંના ગ્રામ્ય વિસ્તારની શાળામાં ભણવા આવતા બાળકોના શરીરપર પૂરાં વસ્ત્રો ના હોવાથી તેઓ શાળાએ આવવાનું ટાળે છે તેવી વિગત પૂ. શ્રી માને યુવાભક્તો શ્રી સ્નેહલભાઇ અને શ્રી હેમલભાઇ તરફથી અને શાળાના શિક્ષકોદ્વારા જાણવા મળી. આથી તુરત જ પૂ. શ્રી માને આ વાત સાંભળી અનુકંપા થઇ. કરુણામૂર્તિ પૂ. શ્રી માએ તુરત જ આ બાળકોને યુનિફોર્મ સ્વરૂપે સુંદર વસ્ત્રો આપવા. પૂ. માએ વિચાર્યું.

ગુરુદેવ પ્રભુની કૃપાથી અમેરિકાના ન્યુજર્સીકેન્દ્રનાં ભાઇ બહેનો વતી શ્રી વિનોદભાઇએ આ કાર્ય માટે થનાર આર્થિક ખર્ચ માટેની સેવા પૂ. શ્રી મા પાસે માંગતા તે સ્વીકારાઇ. શ્રી બીપિનભાઇએ અમદાવાદથી સારામાં સારું જરૂરી કાપડ

ખરીદ્યું. તો વડોદરાનાં જ પૂ. શ્રી માનાં ભક્ત બહેનદ્વારા તેના સિલાઇ કામ માટેની વ્યવસ્થા ગોઠવાઇ ગઇ. શ્રી હેમલ-ભાઇ અને સ્નેહલભાઇએ દરેક શાળામાં રૂબરૂ જઇ, દરેક બાળકોના શર્ટ, હાફપેન્ટ અને દીકરીઓ માટે ફ્રોકના માપ વ્યક્તિગત રીતે લઇ મોકલી આપ્યાં અને સમયબદ્ધ રીતે આ વસ્ત્રો તૈયાર કરવાનું કાર્ય સૌના સહયોગથી અને પ્રભુકૃપાથી પૂર્ણ થયું.

વસ્ત્રો તો વહેંચવાનું સત્કર્મ કેટલીક સંસ્થાઓ અને વ્યક્તિ-ઓ કરતાં હોય છે. આ સારી વાત છે. જેમની પાસે પૂરતાં વસ્ત્રો અંગ ઢાંકવા ના હોય, તેમની દયાજનક સ્થિતિનો ખ્યાલ તો શિયાળાની રાત્રિએ તમે શહેરની સડકોપર સૂતેલાં માણસોને જુઓ તો આવે. પરંતુ અહીં તો ભણવા જવું છે, પણ પહેરવા પૂરું વસ્ત્ર નથી તો શી રીતે જવું?—માબાપની લાચારી છે ને બાળકની મજબૂરી. શિક્ષકો પણ બીચારા શું કરે?

પરંતુ પૂ. મા એક વિશિષ્ઠ વ્યક્તિ છે. તે સાચા અર્થમાં જગજનની છે. એક મા—બાપ પોતાના બાળકને નવું વસ્ત્ર કેવી રીતે આપે? સારું કાપડ ખરીદી, દરજી પાસે તેનું માપ લેવ-ડાવી, તેના જ માપનું કપડું જ્યારે સીવાઇને આવે, ત્યારે તે પહેરીને બાળકને જે આનંદ થાય—તે જોઇને માબાપને પણ પોતે ખર્ચેલા પૈસા અને ઉઠાવેલ પરિશ્રમ સાર્થક થયેલાં લાગે.

અહીં પણ કંઇક એવું જ થયું. પૂ. માએ દરેક બાળકને જે વસ્ત્રો આપ્યાં તે તેના જ માપ પ્રમાણે આવેલાં હતાં. તેને થેલી-માં પેક કરી, તેના ઉપર તેનું નામ, ને શાળાનું નામ લખેલું. આટલી બધી ચોકસાઇ કોણ કરે? એ પૂ. મા સર્વેશ્વરી જ કરે, કારણ કે તેમના હરેક કાર્યમાં—સત્કર્મની સુવાસ સાથે, માતૃસ્નેહ-નો ભાવ પણ પૂરો ભરેલો હોય છે. આ વસ્ત્ર વિતરણ કરતી વખતે પૂ. માના એ પરમ વાત્સલ્યમય ભાવનું દર્શન થયું. એક



પણ શબ્દ બોલ્યા વિના પૂ. માએ કેવું સરસ જ્ઞાન કે સમજ જોનારાઓને આપી દીધી! જીવનમાં કદી કોઇને આપો તો આવી ઉત્તમ રીતથી આપો.

તા. ૧ જાન્યુઆરી ૨૦૦૪ ના નવા વર્ષના પ્રથમ દિવસે જ આ બાળકોને વસ્ત્રવિતરણદ્વારા યુનિફોર્મ આપવાનું નક્કી કરાયું. બ્લ્યુ ચેક્સવાળાં શર્ટ, બ્લ્યુ હાફ પેન્ટ અને મરુન રંગનાં ફ્રોકરૂપે તૈયાર કરાવેલ આકર્ષક અને સુંદર વસ્ત્રોપર 'સ્વર્ગા-રોહણ'નો બેઇઝ પણ તૈયાર કરી લગાડાયો. સવારે ૧૧—૦૦ વાગે આ સાત શાળાના ૫૩૬ બાળકોને લઇ તેમના શિક્ષકો સ્વર્ગારોહણ આવી પહોંચ્યા. આ બાળદેવોને સ્વર્ગારોહણને આંગણે સત્કારવામાં આવ્યા.

પૂ. શ્રી મા પધારતાં જ કોઇ જ વિવરણ કે ઉદ્બોધનો વિના વસ્ત્રવિતરણના કાર્યનો પ્રારંભ થયો. પૂ. શ્રી મા જ્યારે પણ આ પ્રકારનાં સત્કર્મો હાથ ધરે છે ત્યારે જેમના દ્વારા આ કાર્ય માટેનો સહયોગ પ્રાપ્ત થયો હોય, તેમના હસ્તે જ એ સત્કર્મ થાય તેવો આગ્રહ હંમેશા રાખે છે; જેથી તેમની લક્ષ્મી કેવા સુંદર સત્કર્મમાં વપરાય છે, તે તેઓ જાતે જ નિહાળી શકે. અંબાજીમાં આ દિવસે ઉપસ્થિત ન્યુજર્સી કેન્દ્રના તમામ સાધક ભાઇ બહેનોને પૂ. શ્રી માએ આ સત્કર્મ માટે બોલાવ્યા અને તેમના હાથે જ એક એક બાળકને તેમના નામ, ગામ, અને શાળાના નામ સાથે તૈયાર કરાયેલ થેલી અર્પણ કરાઇ.

વિદેશથી પૂ. શ્રી માના અનેક ભક્તો વૈવિધ્યસભર ચોક-લેટો લઇ આવેલા. આ બાળકોને આવી સરસ ચોકલેટ ક્યાંથી મળે? તેથી જ આ ચોકલેટો આ બાળકોને પૂ. શ્રી માના વરદ-હસ્તે વહેંચાઇ. દરેકને ખોબો ભરી પૂ. શ્રી મા ચોકલેટનો

પ્રસાદ ધરતાં હતાં. પ્રાથમિક શાળામાં ભણતા આ બાળકોના મુખારવિંદપર અપ્રતિમ પ્રસન્નતા આ ચોકલેટનો પ્રસાદ ગ્રહણ કરતાં જ છવાઇ રહેતી.

ન્યુજર્સી કેન્દ્રના શ્રી વિનોદભાઇ પટેલ તેમ જ સરોજબેને વસ્ત્રોના વિતરણનો પ્રારંભ કર્યો અને તે પછી વારાફરતી બાકીના ઉપસ્થિત ન્યુજર્સી કેન્દ્રના સાધક ભાઇ બહેનો આ સત્કર્મમાં જોડાતા રહ્યા.

પૂ. શ્રી મા તેનાથી જ સંતોષ થોડો માને? આપવું તો તે રીતે આપવું અને એ પ્રમાણમાં આપવું કે લેનાર પણ જીવનમાં તે પ્રસંગને ક્યારેય ન ભૂલે! પૂ. શ્રી માએ આજે પણ એવું જ આયોજન ગોઠવ્યું.

વસ્ત્ર લઇ વિદાય થતાં દરેક બાળકને શ્રી સુરેશભાઇના હાથે બિસ્કીટનો પ્રસાદ, શ્રી જગદીપભાઇ/નયનાબેનના હાથે સંનિધિપર્વનો કર્પૂરવનનો પ્રસાદ, અને બાળકો માટે ખાસ તૈયાર કરાવેલ મોહનથાળ/ચવાણાનો પ્રસાદ શ્રીમતી શાંતાબેન દ્વારા અપાતો રહ્યો. તો કેનેડાના પૂ. શ્રી માના પરમ ભક્ત શ્રી સુરેશભાઇ શાહે સૌ બાળકોને રૂા. ૧૦/– રોકડ રૂપે ધર્યાં.

ત્રણ કલાકના આ કાર્યક્રમ દરમ્યાન સાત શાળાના ૫૩૬ બાળકોને વસ્ત્રવિતરણના કાર્યક્રમ દ્વારા સુંદર યનિફોર્મ અપાયા. તો શાળાના શિક્ષક ભાઇ બહેનોને પણ પેન્ટ/શર્ટ અને સાડી પ્રસાદની સાથે અર્પણ કરાઇ.

જેમણે આવા સુંદર વસ્ત્રોની જીવનમાં કલ્પના પણ ન કરી હોય તેવા સુંદર યુનિફોર્મ અને તે પણ દરેકની વ્યક્તિગત માપ/સાઇઝ પ્રમાણે પ્રાપ્ત થતાં આ બાળકોનો હર્ષ, પ્રસન્નતા તેમના મુખપર સ્પષ્ટ વાંચી શકાતી હતી. ○



એક અવલોકન

# 'મા' સર્વેશ્વરી સંનિધિપર્વ–સ્નેહયજ્ઞ–

લક્ષ્મેશ જોષી

"અમે તો પંખી પારાવારનાં, અમારે દેશ શા? વિદેશ શા?" આ પંક્તિ સૂચવે છે કે પૂ. મા સર્વેશ્વરીને દેશ–કાલ અને નિમિત્તથી પર રહેલા પરમતત્ત્વનો સ્પર્શ થઇ ચૂક્યો છે. સાધકો વધારે અંતર્મુખ બનીને, સ્વસાધનાને વધારે વેગ આપે એવી અનુગ્રહ–ભાવનાથી મા સર્વેશ્વરીએ આ સંનિધિપર્વ–શિબિરની લીલા કરી. છાન્દોગ્યનું ભૂમાતત્ત્વ આ સ્નેહયજ્ઞમાં ઊતરી આવ્યું હોય તેમ જણાતું હતું. સર્વત્ર શ્રી–સરસ્વતીનું ઐશ્વર્ય, ઉદારતા, ભવ્યતા, પ્રેમ વગેરે ઉદાત્ત તત્ત્વો અહીં આવિષ્કાર પામ્યાં હતાં.

પ્રભાતવંદના, વિશાળ સભામંડપ, સંનિધિમાં જ ભોજન-શાળા, બૂટ–ચંપલની વ્યવસ્થા, શૌચાલય, જલ–વ્યવસ્થા, ઊતારાની ગોઠવણ, સવાર, બપોર અને રાત્રિની બેઠકોનો સુવ્યવસ્થિત કાર્યક્રમ–આ કાર્યને અવલોકતાં, પૂ. મા સર્વેશ્વરી અને પરિવારના સભ્યોએ કેવો અને કેટલો પુરુષાર્થ કર્યો હશે તેનું અનુમાન થઇ શકે!

ઉતારે કે ભોજનશાળામાં ચા–કોફીનો નિષેધ પ્રવર્તતો હતો. તેથી કેટલાકનાં આ જન્મ–રૂઢ દુસ્ત્ય જ વ્યસનો લાચાર બનીને જતાં રહ્યાં! કોકાકોલા વગેરે પીણાઓ વિષે બાળકોએ કેવું સુંદર નાટક ભજવ્યું હતું! સંનિધિ–પર્વની આ પણ એક નોંધપાત્ર સિદ્ધિ છે.

વેદમાં નિરૂપિત દર્શપૂર્ણમાસ વગેરે મુખ્ય યજ્ઞની પૂર્વે પ્રયાજ અને પછી અનુયા જ નામના ગૌણયજ્ઞ કરવામાં આવે તેમ, સંનિધિપર્વના મુખ્ય સ્નેહયજ્ઞની પૂર્વે સૂરતમાં ગાંધીસ્મૃતિ-ભવનમાં યોગજ્યોતનો કાર્યક્રમ (તા. ૨૧—૧૨—૦૩, રવિ), દેરોદમાં શ્રી મધુસૂદનભાઇને ત્યાં અને ઓરણામાં શ્રી પ્રવીણ-ભાઇને ત્યાં પૂ. મા સર્વેશ્વરીના સમ્માનમાં ભવ્ય કાર્યક્રમો યોજાયા. તેમ જ સંનિધિપર્વના સ્નેહયજ્ઞ પછી શ્યામપુરમાં શ્રી ભગવાનજીભાઇને ત્યાં 'મા' સર્વેશ્વરીના સ્વાગતમાં દિવ્ય સમારંભ યોજાયો.

'મા' સર્વેશ્વરી સંનિધિ પર્વ (તા. ૨૩ મંગળથી ૨૮ રવિ, ડિસે—૨૦૦૩) ખરેખર સાધકો માટે સંનિધિરૂપ બની ગયું. **सम्**+**नि**+**( धा ) धि**=સામીપ્ય. પૂ. મા સર્વેશ્વરીના કૃપા—તરંગો ઝીલવા સામીપ્ય મળ્યું, અને **सत्**+**निधि, सत्** તત્ત્વનો, જગદંબાનો, શ્રીસરસ્વતીનો ગુપ્તભંડાર સર્વ સાધકો માટે ખુલ્લો મુકાયો!

પ્રભાતફેરી પછી સભામંડપમાં સામૂહિક પ્રણામનો કાર્યક્રમ થતો. પૂ. મા સર્વેશ્વરી સ્ટેજ પર, પૂ. યોગેશ્વર પ્રભુના સ્વરૂપ સામે પ્રણામ કરતાં હતાં. પ્રભુને પામવા કેવી તાલાવેલી! જલમાં પરાણે કોઇક ડૂબાડી દે અને બહાર નીકળવાની મથા-મણ! તેમ કેટલાકને ૨૦—૩૦ પ્રણામ પછી કષ્ટપૂર્ણ મથામણ અનુભવાતી. પણ મા સર્વેશ્વરીને પ્રણામ કરતાં જોઇને, શરીર-માં જોમ અને ઉત્સાહનો સંચાર થઇ જતો. શિયાળાની ઠંડીમાં પણ, પ્રણામ કરતી વખતે કેટલાકને પરસેવાના બિંદુઓ ટપકતાં!

સવારની બેઠક (૯ થી ૧૨—૩૦), બપોરની બેઠક (૨—



૩૦ થી ૫) અને રાત્રિબેઠક (૭ થી ...)—આ ત્રણ બેઠકોમાંથી પ્રથમ બેમાં ખાસ કરીને પ્રવચનો; અને શ્રવણનો પરિશ્રમ દૂર કરવા રાત્રિબેઠકમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. નિર્દોષ મનોરંજનનો સાંસ્કૃતિક આનંદ!

સંગીતસમ્રાટ્ શ્રી આસિતભાઇ દેસાઇ, શ્રીમતી હેમાબહેન દેસાઇ અને તેમના ચિ. પુત્ર શ્રી આલાપ—આ ત્રિપુટીએ પોતાના મેઘગંભીર નાદબ્રહ્મના પ્રભાવથી, સભાને મંત્રમુગ્ધ કરી દીધી હતી. શ્રી આલાપનું મૃદંગ—વાદન તાલ—લયબદ્ધ રીતે થતું હતું અને શ્રી આસિતભાઇ કે શ્રી હેમાબહેનનો મધુર કંઠ આનાથી પૂ. મા સર્વેશ્વરી પણ ભાવવિભોર થયેલાં જણાતાં હતાં. બીજા દિવસનાં આ ત્રિપુટીનાં પ્રભાતિયાં પણ એટલાં જ આકર્ષક હતાં.

વડોદરાના શ્રી ધાર્મિકલાલભાઇ પંડ્યાએ તેમના પુત્ર યુગલની સાથે, માણ ઉપર "કુંવરબાઇનું મામેરું" પ્રસ્તુત કરીને શ્રોતાઓને ભક્તિરસ, કરુણરસ, અદ્ભુત રસ, હાસ્ય-રસ વગેરેથી પરિપ્લાવિત કરી દીધા. સૌને પ્રેમ, ભક્તિ અને કરુણ રસમાં તરબોળ કરી દીધા.

સૂરતના શ્રી હિમાંશુભાઇ પાઠકે યોગ અને સ્વાસ્થ્ય ઉપર સરલ ભાષામાં ખૂબ અસરકારક મનનીય પ્રવચન આપ્યું હતું. તેમણે શ્રોતાઓની પાસે મેંદો છોડવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

શ્રીમતી તરલાબહેન દેસાઇએ રચેલી પૂ. મા સર્વેશ્વરીના જીવનની ઝાંખી કરાવતી પુસ્તિકા "પોયણું પાંગર્યું"નું વિમોચન થયું હતું અને તેમાંથી તરલાબહેને કેટલાક રસિક પ્રસંગો વાંચી સંભળાવ્યા હતા. ઉપરાંત, "તારું તને જ ધરું મા સર્વેશ્વરી" આ, તરલાબહેનનું પ્રવચન ઘણું જ રસપ્રદ અને પ્રેરક હતું.

શ્રી જાડેજાસાહેબની સાથી બહેનોએ વાચિક અને પ્રાયોગિક રીતે, યોગ અને સ્વાસ્થ્ય અંગે ઘણી ઊંડી સમજ સરલભાષામાં આપી હતી. ઉપરાંત, શ્રી નાથુભાઇએ પ્રાણાયામ, સ્વાસ્થ્ય, આહાર વિષે અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી લક્ષ્મેશ જોષીએ ઋગ્વેદનું વાગ્–આમ્ભૃણી સૂક્ત સમજાવ્યું હતું અને શ્રીમતી મીનાબહેને ગોપીગીત ગાયું હતું. પૂ. યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરી સાથેના અનેક રસપ્રદ પ્રસંગો, કેનેડા (ટોરન્ટો) નિવાસી શ્રી સુરેશભાઇએ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તુત કર્યાં હતા.

રાત્રિની બેઠકોમાં વિદેશનાં બાળકોએ ભારતના સંતો વિષે નાટકો રજૂ કર્યાં હતાં. પૂ. યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીના પ્રથમ પુરુષાર્થના પ્રભાવથી, કેનેડા, અમેરિકા વગેરેના બાળકો-માં, યુવાન–યુવતીઓમાં આ યુગમાં પણ ભારતીય સંસ્કૃતિના સંસ્કારો જળવાઇ રહેલા દેખાતા હતા. વડોદરા કેન્દ્રના શ્રી મીનળબહેનનો નૃત્યનો કાર્યક્રમ અવર્ણનીય હતો–અદ્‌ભુત હતો. કપૂરા ગામની આદિવાસી બહેનો–ભાઇઓનો, તેમની પરંપરાનાં વિશિષ્ટ વાદ્યો સાથેનો નૃત્ય–કાર્યક્રમ પણ ખૂબ ગમે તેવો હતો. કપૂરાની સ્કૂલની બહેનોએ સુંદર, વ્યવસ્થિત કાર્ય-ક્રમો રજૂ કર્યાં હતા. અંતરે અંતરે શ્રી પાર્થ અને શ્રી પૂજાના સંગીતનો લાભ પણ મળતો હતો. શ્રી રાજુભાઇ, શ્રી અજય-ભાઇ, શ્રી જાગાણીસાહેબ વ્યવસ્થામાં સતત સક્રિય હતા.

આ, 'મા' સર્વેશ્વરી સંનિધિ પર્વ–સ્નેહયજ્ઞના મુખ્ય યજ-માનો હતા–શ્રી રમેશભાઇ, શ્રી શારદાબેન, શ્રી જગદીપ-ભાઇ, શ્રીમતી નયનાબેન, શ્રી પાર્થ અને શ્રી પૂજા આ સર્વ યજમાનો પૂ. મા સર્વેશ્વરીના સંકલ્પ અનુસાર, સામગ્રી પ્રસ્તુત કરવાના અને વ્યવસ્થાના કાર્યમાં સતત વ્યસ્ત રહેતા હતા. આ



યજમાન ભાઇબહેનો, દિવ્ય આત્માઓ પૂ. મા સર્વેશ્વરીના કૃપાપાત્ર બની ગયા હતા. વળી, ઊતારાની વ્યવસ્થા આગલી સાંજે (તા. ૨૨/૧૨/૦૩ સોમ) થતી હતી તે જોતાં તો જાણે કે આખું કપૂરા ગામ યજમાનપદે જણાતું હતું. આ શિબિરની સૂક્ષ્મ દિવ્યતાને કોણ વર્ણવી શકે? પૂ. યોગેશ્વરજીની અલૌકિક ઉપસ્થિતિમાં પૂ. મા સર્વેશ્વરીની દિવ્ય લીલાથી યોજાયેલ આ શિબિર, માત્ર ભારતને માટે જ નહીં, વિશ્વને માટે સાચી ઉન્નતિ અને શાંતિના સત્યપથનો સંકેત કરે છે.

**પૃથ્વીના ત્રણ રત્ન**

(૧) અન્ન, (૨) જળ, (૩) પ્રિય વાણી

**ઘર : ૨૪૬૩૪૩૧** **ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮** **: ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**
**''સત્યવાન'' તથા ''ચંદન''**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**

–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**–૩૬૦૦૦૨

## મહારાણી મૃદુલક્ષણા અને તપસ્વી

# स्मृतिभ्रंशाद्‌बुद्धिनाशो

મનસુખ સલ્લા

આપણે ટેવવશ જીવીએ છીએ, તેથી આપણા ચિત્તમાં થતાં—જાગતાં સંચલનોને જોતાં—તપાસતાં નથી. તેથી સુકાન વિનાની હોડીને પવન ખેંચી જાય છે તેમ ખેંચાઇ જઇએ છીએ. એટલે મરમી સંત લોયણે ગાયું છે કે, 'હે જી લાખા! ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો હોજી...તમે મન રે પવનને બાંધો રે.' મન તો પવન જેવું ચંચળ છે. એટલે ભગવાન બુદ્ધે 'સાવધ સ્મૃતિ'નો મહિમા કર્યો છે. સાવધ સ્મૃતિ એટલે પ્રતિક્ષણની, ચિત્તના સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકાર(પરિવર્તન) પ્રત્યે જાગૃતિ અને જાણકારી.

એકવાર આસક્તિને મનમાં મોકળું મેદાન મળે તો કામ જાગે છે, કામથી ક્રોધ(અંધ આક્રમણભાવ)જાગે છે, તેનાથી મૂઢતા(વિચારહિનતા)આવે છે, મૂઢતા સ્મૃતિ(જાગૃતિ)ને હરી લે છે, પરિણામે સર્વનાશ થાય છે. ગીતાજીનું આ માત્ર કોરું સમીકરણ નથી. માનસશાસ્ત્રનું સૂક્ષ્મ પૃથક્કરણ પણ છે. એટલે એકાદ કાર્ય, અસાવધ વેણ કે સૂક્ષ્મ મનોભાવ પણ મનુષ્યને કુમાર્ગે ક્યાંનો ક્યાં ખેંચી જાય છે. એમાંથી ઉગારો સાધના અને જાગૃતિ દ્વારા જ થઇ શકે.

'મૃદુલકખણ જાતક'માં એક ગાથા દ્વારા આ તત્ત્વોને ઉત્તમ રીતે સમજાવ્યાં છે.

પ્રાચીનકાળમાં બોધિસત્ત્વ કાશીના એક બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. બધાં શાસ્ત્રોમાં પારંગત થઇ, યોગાભ્યાસ કરી,



પ્રવજ્યા લઇ, તેઓ હીમવન્ત પ્રદેશમાં રહેવા લાગ્યા. એકવાર તેમને ખાટી—મીઠી વસ્તુ ખાવાની ઇચ્છા થઇ. વારાણસી નગરીમાં જઇ, ભિક્ષા માંગતાં તેઓ રાજદ્વાર પહોંચ્યા. રાજાએ તેમનો આદર સત્કાર કર્યો, સરસ ભોજન કરાવ્યું. પછી પોતાના ઉદ્યાનમાં રહેવા પ્રાર્થના કરી. તેનો સ્વીકાર કરી બોધિસત્ત્વ સોળ વર્ષ રાજઉદ્યાનમાં રહ્યાં. તેઓ ઉપદેશ આપવાનું કામ કરતાં.

એક વખત રાજ્યની સરહદ પર ઉપદ્રવ થવાથી મહારાણી મૃદુલક્ષણાને તપસ્વની સેવાનો ભાર સોંપીને રાજા ગયા. બોધિ-સત્ત્વ અનુકૂળ સમયે રાજાને ત્યાં જઇને ભોજન કરતા. એક દિવસ તપસ્વી ન આવવાથી, ભોજન તૈયાર કરી, વાટ જોતી મૃદુલક્ષણા પલંગમાં પડી અને નિદ્રાધીન થઇ. બોધિસત્ત્વ ત્યાં પહોંચ્યા. અલંકાર સજેલી રાણી ઉતાવળે ઊઠી, પરંતુ તેનું બારીક વસ્ત્ર સરી પડ્યું. બોધિસત્ત્વે તે જોયું. તેનો સુન્દર દેહ જોઇ તપસ્વીનું મન ચંચલ થઇ ઊઠ્યું. દૂધવાળા વૃક્ષને કાપો પાડે અને તેમાંથી દૂધ ઝરવા માંડે તેમ તપસ્વીના મનમાં વિકાર ઝરવા માંડ્યો. ધ્યાનનો લોપ થઇ ગયો. ભિક્ષા લઇને, ભોજન કર્યાવિના, તેઓ ઉદ્યાનમાં પર્ણશાળામાં ગયાં. ભોજન પાટ નીચે મૂકી તેઓ સાત દિવસ સુધી ભૂખ્યા પડ્યા રહ્યા. પાંખ કપાયેલા પક્ષીની જેમ તેમનું મન મૃદુલક્ષણા આસપાસ ફરતું રહ્યું.

રાજા પાછો ફર્યો. તપસ્વીના દર્શન કરવા સીધો ઉદ્યાનમાં ગયો. તેને લાગ્યું કે તપસ્વી રોગગ્રસ્ત થયા છે. કારણ પૂછ્યું ત્યારે બોધિસત્ત્વે કહ્યું, 'મહારાજ, મને કોઇ રોગ નથી. ચિત્ત-વિકારને કારણે આસક્ત થઇ ગયો છું. 'કોના પર આસક્ત થયા છો?' એવા રાજાના પ્રશ્નના ઉત્તરમાં તપસ્વીએ કહ્યું, 'મૃદુલક્ષણા ઉપર' રાજાએ કહ્યું, 'મૃદુલક્ષણા તમને આપું છું'

રાજા તેમને મહેલમાં લઈ ગયો. સોળ શણગાર સજાવી મૃદુ-લક્ષણાને તપસ્વીને સોંપી. ત્યારે તેણે મૃદુલક્ષણાને ઈશારો કર્યો કે, 'તું તારા ધર્મબળથી તપસ્વીના સદાચારનું રક્ષણ કરજે.'

તપસ્વી અને મૃદુલક્ષણા મહેલમાંથી બહાર નીકળ્યાં એટલે તેણે તપસ્વીને કહ્યું, 'આપણે રહેવા ઘર જોઈશે. રાજા પાસે જઈને માગો.' રાજાએ એક ખૂબ ગંદું ઘર આપ્યું. મૃદુલક્ષણાએ ગંદું ઘર સાફ કરવા રાજા પાસેથી પાવડો અને ટોપલો લાવવા કહ્યું. રાજાએ તે સાધનો આપ્યાં. તપસ્વીએ આખું ઘર સાફ કરી નાંખ્યું. ગારથી લીંપ્યું. મૃદુલક્ષણાએ પલંગ, પથારી, દીવો, ઘડો એમ એક પછી એક વસ્તુની માગણી કરી. તપસ્વી રાજા પાસેથી બધું લઈ આવ્યો. પછી તપસ્વી પથારી ઉપર બેઠા ત્યારે તેઓએ પોતાની સામે જમીન પર બેસી ગયેલી મૃદુલક્ષણાને કહ્યું, 'અરે, તમે ત્યાં જમીન ઉપર શું કામ બેસો છો? તમારાં સુંદર વસ્ત્રો મેલાં થઈ જશે.'

મૃદુલક્ષણાએ પ્રત્યુત્તરમાં સ્વસ્થતાપૂર્વક કહ્યું, 'હે મહા તપસ્વી, આપ વિતરાગી છો, બ્રાહ્મણ છો, મને મારા વસ્ત્ર બગડે તેની ચિંતા નથી, પરંતુ મને એ વાતનું દુઃખ છે, કે મારા પરની આસક્તિથી અત્યારે તમારું નિર્મળ પવિત્ર જીવન બગડી રહ્યું છે. મારું બગડેલું વસ્ત્ર તો ધોવાથી ફરી સ્વચ્છ થશે, પરંતુ આપના પવિત્ર તપસ્વી જીવનનું શું?'

બસ, આટલું સાંભળતાં જ બોધિસત્ત્વને પોતાના થઈ રહેલા વિનિપાતનો ખ્યાલ આવી ગયો. અરે, પોતે કેવો તપસ્વી અને અત્યારે મોહાંધ બની પોતે શું કરી રહ્યો છે!

તે એકદમ સ્વસ્થ થઈ ગયો. તેને પોતાની સ્વરૂપ સ્થિતિનું ભાન થઈ આવ્યું. તે મૃદુલક્ષણાના ચરણમાં નમી પડ્યો ને પોતાને આ રીતે અધઃપતનમાંથી ઉગારી લેવા માટે તેમનો



આભાર માનવા લાગ્યો.

તુરત જ તે મહારાણીને રાજા પાસે લઈ ગયો. અને તેમને પાછી સોંપતા કહ્યું, 'હે રાજા, મૃદુલક્ષણા મને મળી તે પહેલાં મને એક જ કામના હતી કે તે મળી જાય.પરંતુ જ્યારથી આ વિશાલાક્ષી મળી ત્યારથી એક પછી બીજી ઈચ્છા જાગતી રહી છે. મને ઘરની, સામાનની, ઉપભોગ સામગ્રીની એમ જાત-ભાતની ઈચ્છાઓ પેદા થઈ. ઈચ્છાઓ મને માથું ઊંચકવા નહિ દે. આટલું બસ છે. તમે દેવીને સંભાળો. તે નખશીખ પવિત્ર અને સાચા અર્થમાં પતિવ્રતા છે. હું હિમવન્ત પાછો જાઉં છું' એટલું કહેતા બોધિસત્ત્વનું ખોવાયેલું ધ્યાન પાછું આવ્યું. તેમણે બ્રહ્મવિહારની ભાવના ધારણ કરી. તેઓ હિમવન્ત પાછા જઈને તપ કરવા લાગ્યા.

આ જાતકકથામાં ત્રણ સૂચિતાર્થો છે : ૧. આ ગાથામાં વર્ષોનું તપ કરેલ તપસ્વીના મનમાં વિકાર જાગે છે અને તેમનું મન ચંચળ બની જાય છે. એટલે મનના વિકાર માટે સંસારી કે સંન્યાસી, સ્ત્રી કે પુરુષ એવા ભેદ નથી. ૨. તપસ્વીએ ખાટી–મીઠી વસ્તુ ખાવાની નાની સરખી ઈચ્છા કરી. તેમાંથી તપ-સ્થાન છોડ્યું, નારીના સરી જતાં વસ્ત્રને જોઈને તેને પામવાની ઈચ્છા કરી. અને તે મળ્યા પછી પણ અનેક ઈચ્છાઓ જાગતી જ રહી. ઈચ્છાઓનો અંધાવેગ શાંત થતો નથી, એક પછી એક જાગે છે. ૩. તપસ્વીને શીલવતી નારીએ વિકારમાંથી જાગૃત કર્યો, તેથી તેનું ધ્યાન પાછું આવ્યું. એટલે પ્રત્યેક મનુષ્યે પ્રતિ-પળ સાવધ રહેવું જોઈએ. મન કેમ વિકારવશ થાય છે અને જાગૃતિ તેમાંથી કેમ છોડાવે છે તેની માનસશાસ્ત્રીય આધાર-વાળી આ બહું જ માર્મિક ગાથા છે. ●

# પ્રશ્ન ઉપનિષદ્—(૬)

—યોગેશ્વરજી

(૬) ચોથો પ્રશ્ન—સુષુપ્તિ અથવા નિદ્રાવસ્થા વિશે ચોથા પ્રશ્નમાં નિદ્રા અથવા સુષુપ્તિ વિશે ઉપલક વિચાર કરવામાં આવ્યો છે. સૂર્યના પૌત્ર ગાર્ગ્યે મહર્ષિ પિપ્પલાદને પ્રશ્ન કર્યો છે : 'પુરુષ જયારે સૂઇ જાય છે ત્યારે તેનામાં રહેલા ક્યા ક્યા દેવો સૂઈ જાય છે ને ક્યા જાગે છે? કોણ સ્વપ્ન જુએ છે? નિદ્રાનું સુખ કોને પ્રાપ્ત થાય છે? ને બધા ઇન્દ્રિયાદિ દેવો કોને આધારે રહ્યા છે?'

મહર્ષિ તેને ઉત્તર આપતાં સમજાવે છે કે સૂર્યાસ્ત સમયે સૂર્યના કિરણો તેના તેજોમંડળમાં એક થાય છે ને સૂર્યોદય સમયે તે જ પાછાં બધે ફેલાય છે, તેવી જ રીતે બધા ઇંન્દ્રિયાદિ દેવતા મનમાં એક થાય છે. તે દશામાં પુરુષ કાંઇ સાંભળતો નથી, જોતો નથી, સૂંઘતો નથી, સ્વાદ લેતો કે સ્પર્શતો નથી, મળત્યાગ કરતો નથી ને અવરજવર પણ નથી કરતો. તે વખતે બહારની બધી ઇન્દ્રિયો લગભગ બેકાર બની જાય છે ત્યારે તે સૂતો છે એમ કહેવામાં આવે છે તે વખતે શરીરમાં પ્રાણ જાગતો હોય છે. તે પ્રાણ મનને પરબ્રહ્મ પરમાત્માની પાસે લઇ જાય છે. એ મનરૂપી દેવ જ સ્વપ્નમાં પોતાની શક્તિનો અનુભવ કરે છે; સ્વપ્નાવસ્થામાં તે અનેક જાતનાં દશ્યો જુએ છે; જે જોયું હોય તે પાછું જુએ છે; અનેક પ્રકારના શબ્દો સાંભળે છે, ને અનેક પ્રકારના અનુભવો કરે છે. દેશપરદેશમાં જે અનુભવ્યું હોય તે ફરી અનુભવે છે. એટલું જ નહિ, પણ



જોયેલું ને ન જોયેલું, સાંભળેલું ને ન સાંભળેલું, અનુભવેલું તેમ જ ન અનુભવેલું, સત્ય ને અસત્ય બધું જ તે જુએ, સાંભળે ને અનુભવે છે. પરંતુ શરીરની અંદરના તેજ અથવા પિત્તને લીધે જયારે દબાઇ જાય છે ત્યારે તે મનરૂપી દેવતા સ્વપ્ન જોતો નથી પરંતુ કેવળ સુખનો અનુભવ કરે છે. તે વખતે બધું પરમાત્મામાં લીન થઇ જાય છે. કેવી રીતે લીન થાય છે તે સમજાવવા મહર્ષિ એક સુંદર બંધબેસતી ઉપમા આપે છે. પક્ષીઓ જેમ વૃક્ષ પરના પોતાના માળામાં ભરાઇ જાય તેવી રીતે સુષુપ્તિ દશામાં ઇન્દ્રિયો ને બધી વૃત્તિઓ આત્મામાં એકાકાર બની જાય છે અથવા મળી જાય છે. ઋષિ કહે છે કે એ આત્મા જ વિજ્ઞાનાત્મા પુરુષ છે. તે જ જુએ છે, સ્પર્શ કરે છે, સાંભળે છે, સૂંઘે છે, સ્વાદ લે છે, વિચાર કરે છે, કર્મ કરે છે ને જાણે છે. તે આત્મા છેવટે પરમાત્મામાં મળી જાય છે. તે પરમાત્મા છાયારહિત, શરીરરહિત, રૂપરંગરહિત, શુદ્ધ ને અવિનાશી છે. તેને જે જાણે છે તે પરમાત્માને જ પામે છે. ઇન્દ્રિયોરૂપી બધા દેવો સાથે બુદ્ધિની ઉપાધિવાળો આત્મા એટલે વિજ્ઞાનાત્મા, પ્રાણો ને પંચમહાભૂતો તે અવિનાશી પરમાત્મામાં જ લીન થાય છે. તે પરમાત્માને જે જાણી લે છે તે બધું જ જાણી જાય છે, જાણવા જેવું જાણી જાય છે, ને પરમાત્મા સાથે એકતાનો અનુભવ કરી લે છે.

સ્વપ્નાવસ્થાના રહસ્ય વિશે હવે તો ઘણું ઘણું શોધાયું ને લખાયું છે. તેનું વિવેચન કરવાનું અહીં અસ્થાને છે. પરંતુ આજથી હજારો વરસો પહેલાં ઠેઠ વૈદક કાળમાં ભારતના ઋષિવરોએ તેનું પણ ચિંતન—મનન કર્યું હતું તેની પ્રતીતિ આપણને આ બધું વાંચતાંવિચારતાં સહેજે થઇ રહે છે. મન

વિશે ઊંડું મનન કર્યા પછી તેમણે મનને વશ કરવાની ને શક્તિશાળી બનાવવાની આખી સાધના શોધી કાઢી હતી. તેને જ યોગસાધનાનું નામ આપવામાં આવ્યું છે. તે મહાન ઋષિ-વરોના અનુભવભંડાર અથવા જ્ઞાનવારસાનો વિચાર કરતાં તેમના તરફ આપણને જરૂર માન થાય છે.

આ દિવસો પણ ચાલ્યા જશે. —યોગેશ્વરજી

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩



# માગવું અને ત્યાગવું

—ભૂપતરાય ઠાકર 'ઉપાસક'

સવારે પૂજા—પાઠ કરી, બે હાથ જોડી, હૃદયપૂર્વક અને ભાવસભર બની ઈશ્વરને પ્રાર્થના કરવામાં અતિ આનંદ અને હળવાશ અનુભવાય છે. પ્રાર્થના એટલે પ્રભુ પાસે માગવાની અને ત્યાગવાની ભાવના પ્રગટ કરવી. ઈશ્વર આપણી માગણી અને લાગણી સ્વીકારે છે. માણસ ઈશ્વરને અધિક પ્રિય છે.

હા, ઉતાવળ હોય અને નિરાંતે ઈશ્વરના પૂજા—પાઠ, અર્ચના ન થાય તો પણ માગણી મૂકવાની થોડી ક્ષણો તો જરૂર મળે! 'મારી દુષ્ટતા, નિર્બળતા, ક્રોધ, ઈર્ષા, કઠોરતા જેવા અનિષ્ટો હું આપના ચરણમાં અર્પણ કરું છું' એમ પ્રાર્થના કરી લેવી.

'હે પ્રભુ! મારામાં રહેલા દુષ્ટ—અનિષ્ટ ભાવોને, આવેશ અને પાપ ભાવોને હું અત્યારે ત્યાગું છું...' આમ દરરોજ કહેવાથી આ પ્રકારનો ભાવ સ્થાયી થાય છે. ઘનીભૂત થાય છે. આત્મસાત થયેલા ભાવ સ્વભાવ બની જાય છે. આ રીતે ત્યાગવૃત્તિ ચિત્તવૃતિ બની જાય છે!

"હે ઈશ્વર! મને સાત્ત્વિક, શુદ્ધ, નિર્મળ ભાવો આપો. કોમળતા અને ઉદારતા આપો...મને સૌ માટેની ચાહત આપો. સૌને ચાહી શકું એવી નમ્રતા આપો..." આટલું માગવું.

આ રીતે માગતા માગતા આપણને યોગ્યતા મળે છે. ભમરી ઈયળને સતત રટણ—સ્મરણ—પઠન દ્વારા ભમરી બનાવી દે છે. સતત 'માગવાનું' અને 'ત્યાગવાનું' રટણ—

સ્મરણ દ્વારા આપણે આપણી જાતને લાયક—યોગ્ય બનાવીએ છીએ. સાચા ભાવથી કરેલી પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી... ઈશ્વર સ્વીકારે છે.

પ્રાર્થના એટલે પ્રભુમય થવાની ઉમદા ક્ષણો! જાત સાથે વાત કરતા કરતા દેવ સાથે વાત કરવાનો—'દેહથી દેવ' સુધી પહોંચવાનો સાવ સરળ ઉપાય!

પ્રાર્થનાથી આત્મવિશ્વાસ, આત્મશક્તિ વધે છે. 'જે માગ્યું' અને 'જે ત્યાગ્યું' તે બન્નેને લાયક બનવાનું મંગળ ટાણું છે. સવારમાં 'માગવું' અને સવારમાં 'ત્યાગવું' એ દિવસભર માટે ઉત્તમ અવસર છે. તે ય ઈશ્વર સમક્ષ! આથી ઉત્તમ—શ્રેષ્ઠતમ શું હોઇ શકે? 'ઈશનું આ રાજ્ય છે આખું' પછી તેની કરુણા, દયા, પ્રેમ સિવાય માગવાનું શું હોય? આપણી પ્રત્યેક પળની તેમને ખેવના છે. આપણી જરૂરિયાત તે પૂરી પાડે છે. શ્વાસ—પ્રશ્વાસના એ સાક્ષી છે.

હા, આપણને પ્રદુષિત કરનારા તત્ત્વોનો ત્યાગ કરવો એ આપણી ફરજ છે. 'માગવું તો ઉત્તમ માગવું' અને 'ત્યાગવું' તો કનિષ્ટ—અનિષ્ટને ત્યાગવું. કામ, ક્રોધ, લોભ, મોહ, અહં, અનાચારનો ત્યાગ કરવો.

આ આપણી પૂજા, આ આપણી વંદના—પ્રાર્થના. માણસ તરીકેની યોગ્યતા 'માગવી' અને માનવી થવું. માગતા માગતા, ત્યાગતા ત્યાગતા માણસ થઇ જવાય!

પ્રાર્થના એ ઈશ્વર સાથેનો આંતરિક અનુરાગ છે.

○



# હયાત માતા—પિતાની છત્રછાયામાં

વ્હાલપના બે વેણ બોલીને નીરખી લેજો...
હોઠ બીડાયા પછી ગંગાજળ મૂકીને શું કરશો...?
અંતરના આશિષ દેનારને હૃદયથી ભેટી લેજો...
પછી નત મસ્તકે છબીને નમન કરીને શું કરશો...?
લાખ કરશો ઉપાય તોય એ વાત્સલ્ય લ્હાવો નહીં મળે,
પછી દીવાનખંડમાં તસવીર મૂકીને શું કરશો...?
માતા—પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે...
અડસઠ તીરથ તેના ચરણોમાં, બીજા તીરથ ક્યા કરશો...?
હયાત હોય ત્યારે હૈયું તેનું ઠારજો,
પાનખરમાં વસંત, જેવો વ્યવહાર કરજો,
પંચભૂતમાં ભળી ગયા પછી આ દેહના અસ્થિને
ગંગામાં પધરાવીને શું કરશો...?
માતૃદેવો ભવ—પિતૃદેવો ભવ સનાતન સત્ય છે...
એ ના સ્વીકારી, પછી પસ્તવો કરીને શું કરશો...?
પૈસા ખર્ચતા સઘળું મળશે, મા—બાપ કદી નહીં મળે...
ગયો સમય નહીં આવે, લાખો કમાઇને શું કરશો...?
એ માતાપિતા એટલે કલ્પવૃક્ષ,
એ કલ્પવૃક્ષ કરમાશે પછી ખૂબ પસ્તાવું પડશે.
માટે ચાલો...એ માતાપિતાના ચરણોમાં જીવન સમર્પિત કરીએ.

**—ભાસ્કરભાઇ ઉપાધ્યાય**

# જિંદગી ભક્તિવિના શા કામની?

લાંબી—ટૂંકી સારી—નરસી હોય છે,
જિંદગી ભક્તિવિના શા કામની?

નાની—મોટી, સાદી—યાંત્રિક હો ભલે,
નાવડી—સુકાન વિણ શા કામની?

ગાઢ હો કે હળવી જિગર હો ભલે,
લાગણી હીન મિત્રતા શા કામની?

નિષ્કામ કે સકામ હોયે છો ભલે,
ત્યાગહીન સેવા અરે શા કામની?

આકાર નાનો રંગીન મોટો હો ભલે,
સૌરભ ન હો તો ફૂલડુ શા કામનું?

સપ્રમાણ સુંદર સરસતા હો ભલે,
સદ્‌ગુણ વિનાનો માનવી શા કામનો?

શબ્દ સુંદર કે અલંકારોથી સભર,
લગની વિનાની પ્રાર્થના શા કામની?

સિદ્ધિ નાની મોટી કે ઝળકતી હોય છે,
સાધના વિણ એ હોય તો શા કામની?

સુગેય મીઠું કાવ્ય સુંદર હો ભલે,
વ્યંજના વિણનું હોય તો શા કામનું?

**—ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)**



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

હવે આ ત્રીજા જન્મમાં તમે વસુદેવ તથા દેવકીરૂપે જન્મ્યાં છો ત્યારે હું ફરી પાછો તમારા પુત્રરૂપે થયો છું. મારું વચન કદાપિ મિથ્યા નથી થતું. તમે મારા પ્રત્યે પુત્રભાવ તથા પરમાત્મભાવ રાખીને તમારું જીવન પૂરું કરજો. મારા દરેક જન્મમાં મેં લોકહિતનાં અસાધારણ કર્મો કર્યાં છે તે પ્રમાણે આ જન્મમાં પણ કરીશ જ. કંસે એના પિતા ઉગ્રસેનને અને તમને કારાવાસમાં કેદ કરીને તમને તથા મથુરાની પ્રજાને યંત્રણા આપવાનું શરૂ કર્યું છે. પરંતુ થોડ જ વખતમાં હું અનો નાશ કરી નાખીશ.'

'નાશ?'

'હા. નાશ કરી નાખીશ મારા વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખજો.'

વસુદેવ તથા દેવકીને અત્યાર સુધી થઇ રહેલો અભૂતપૂર્વ અસાધારણ આનંદ એકાએક ચિંતામાં પરિણમ્યો.

કંસની સ્મૃતિ એમને સારુ શોકકારક થઇ પડી.

વસુદેવે કહ્યું :

'કંસના સ્મરણથી કોણ જાણે કેમ પણ મને ભય લાગે છે.'

'એણે નિર્દય બનીને અમારાં અત્યાર સુધીનાં સઘળાં સંતાનોને મારી નાખ્યાં છે.' દેવકી બોલી : 'એને જ્યારે તમારા પ્રાકટ્યની માહિતી મળશે ત્યારે એ તમને પણ નહિ છોડે. મને એની કલ્પનામાત્રથી ઘોર ચિંતા તથા વેદના થાય છે.'

શિશુએ સ્વર્ગીય સુધાંય સહજ સ્મિત કરતાં કહ્યું :

'એ ચિંતા તથા વેદના, કલ્પના તેમ જ કલ્પનાજન્ય ભીતિ નિરર્થક છે.'

'કારણ?'

'કારણ એ જ કે હું કોઇ સાધારણ શિશુ નથી. તમને બંનેને તેની પ્રતીતિ છે. મારી આગળ કંસનું કશું જ નથી ચાલવાનું. હું એનો કાળ બનીને પ્રકટ થયો છું.'

'પરંતુ કંસ તમને જીવતા રહેવા દેશે ખરો?'

'મને જીવતો રહેવા દેવો કે ના રહેવા દેવો તે કંસે નિશ્ચિત નથી કરવાનું. મારું જીવન કંસની ઇચ્છાશક્તિ પર નિર્ભર નથી, પરંતુ મારી સ્વતંત્ર ઇચ્છાશક્તિ પર નિર્ભર છે. કંસ મારો નાશ કદાપિ નહિ કરી શકે. તમે મારા જીવનની ને મારી સુરક્ષાની ચિંતા જરા પણ ના કરશો. મારી સુરક્ષા હું પોતે જ કરી લઇશ. હવે હું મારા આ અસાધારણ સ્વરૂપને સંકેલીને સાધારણ લૌકિક સ્વરૂપ ધારણ કરું છું. મારી એક સૂચના ધ્યાનપૂર્વક સાંભળી લો.'

વસુદેવે સૂચના સાંભળવાની તત્પરતા બતાવી એટલે શિશુએ આદેશાત્મક અવાજે જણાવ્યું :

'હું સામાન્ય સ્વરૂપ ધારણ કરું એટલે એક વિપળનાય વિલંબ વિના તમે મારી સાથે કારાવાસમાંથી બહાર નીકળીને મને ગોકુલમાં નંદ—યશોદાને ઘેર મૂકી આવો અને યશોદાની નવજાતા પુત્રીને અહીં લઇ આવો.'

વસુદેવ વિચારમાં પડ્યા ને બોલ્યા :

'પરંતુ કારાવાસમાંથી બહાર નીકળવાનું કામ એટલું સહેલું છે?'



'મારી કૃપાથી એ કામ તદ્દન સહેલું થઇ જશે. તમે સહેલાઇથી મારી સાથે બહાર નીકળી જશો. તમને કોઇ જ નહિ જોઇ શકે. બધા જ ચોકીદારો કે કારાવાસ રક્ષકો ગાઢ નિદ્રામાં સૂઇ ગયા છે ને તમારા પાછા ફરતાં સુધી સૂઇ રહેશે. કારાવાસના લોખંડી દરવાજા આપોઆપ ઊઘડી જશે. હું તમારા અંતરમાં રહીને જેવી પ્રેરણા કરું તેવી રીતે કરતા રહેજો. મારા અનુગ્રહથી તમારું મંગલ જ થશે.'

વસુદેવ કે દેવકી કાંઇ વધારે બોલે તે પહેલાં તો એ અદ્‌ભુત બાળક અદૃશ્ય થઇ ગયું તે એને બદલે બીજું સામાન્ય બાળક દૃષ્ટિગોચર થયું.

પેલો પ્રકાશપુંજ ફરી પાછો પ્રકટ થઇને વાતાવરણમાં વિલીન થયો.

વસુદેવ અને દેવકી એ અલૌકિક દૃશ્યને આશ્ચર્યપૂર્વક આનંદયુક્ત આંખે જોઇ રહ્યાં.

એમનું હૈયું ધડકવા લાગ્યું.

(ક્રમશઃ)

○

## કયી બાબતોમાં શરમ ન રાખવી

(૧) ધનની લેણદેણ કરવામાં

(૨) વિદ્યા શિખવામાં

(૩) ભોજન કરવામાં

(૪)અન્ય પ્રકારના વ્યવહારમાં